# **<u>પ્રેસનોટ</u>**

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં ૭/૬૮૧ પૈકી, કોટડા મોહલ્લામાં ૪૦' ફૂટની લાઈનદોરીમાં આવતાં ઝૂપડાં/તંબુઓ દૂર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારનાં વોર્ડ નં–૭, નોંધ નં–૬૮૧ પૈકી, કોટડા મહોલ્લાનાં નામ. હાઇકોર્ટના PIL-131/2016 ના ચુકાદા અન્વયે સુરતમહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ ખાતાના સ્ટાફ દ્વારા ટાઉન પ્લાનીગ ખાતાના સ્ટાફ સાથે સંકલનમાં રહી તથા સુરત મહાનગરપાલિકાના સીકયુરીટી સ્ટાફની મદદથી તા. ૨૯/૧૧/૨૦૧૮ ના રોજ આશરે ૦૬.૦૦ મી. × ૫૦.૦૦ મી. વિસ્તારમાં ઝૂંપડાઓ/તબુંઓ તથા પતરાંનો શેડ દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે તથા સદર ઝૂંપડાઓ/તબુંઓમાં રહેનારા લોકોને અગાઉના ડ્રો મુજબ વડોદ ખાતે આવાસ ફાળવેલ છે.

૫૮૮

## <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરિડોર મળીને આશરે દૈનિક ૧,૦૫,૦૦૦ થી વધુ પેસેન્જરો તેમજ સીટીબસ ના કુલ ૩૦ રૂટ ઉપર આશરે દૈનિક ૧,૦૦,૦૦૦ પેસેન્જરો મળી કુલ ૨,૦૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે, જેને ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નવા બે રૂટ તા. ૦૧/૧૨/૨૦૧૮ ના રોજથી શરૂ કરવામાં આવનાર છે. જે મુજબ પ્રથમ રૂટ રેલ્વે સ્ટેશન થી વરીયાવ ગામ (રૂટ નં. ૧૩૭) વાયા રેલ્વે સ્ટેશન, ચોક, ગલેમંડી, ભાગાતળાવ, અડાજણ (GSRTC), નવયુગ કોલેજ, રામનગર, મોરા ભાગળ, ઇસ્કોન સર્કલ, વરીયાવ જકાતનાકા થઇ વરીયાવ સુધીનાં વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. સદરહુ રૂટ નં. ૧૩૭ માં કુલ ૭ બસ ૨૦ મિનીટની ફ્રિકવન્સીથી કાર્યરત કરવામાં આવશે. આ રૂટ શરૂ કરવાથી રૂટમાં આવનાર વિસ્તારના લોકોને તેમજ વરીયાવ ગામના રહેવાસીઓને તથા નવયુગ કોલેજ અને સી.જે પટેલ કોલેજનાં વિધાર્થીઓને સીટી બસ સેવાનો લાભ મળશે.

બીજો રૂટ મકાઇપુલ થી સાઉથ ગુજરાત મેડીકલ કોલેજ, ભેંસાણ (રૂટ નં. ૨૧૭) વાયા ચોક બજાર ટર્મિનલ, અડાજણ(GSRTC), પ્રાઈમઆર્કેડ, અમીધારા વાડી, હનીપાર્ક રોડ, એલ.પી. સવાણી વિદ્યાભવન, મીની વિરપુર મંદિર થઇ સાઉથ ગુજરાત મેડીકલ કોલેજ ભેંસાણ સુધીના વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. સદરહુ રૂટ નં. ૨૧૭ માં કુલ ૯ બસ ૧૦ મિનીટની ફ્રિકવન્સીથી કાર્યરત કરવામાં આવશે. આ રૂટ શરૂ કરવાથી રૂટમાં આવનાર વિસ્તારના લોકોને તેમજ ગુજરાત મેડીકલ કોલેજના વિધાર્થીઓને સીટી બસ સેવાનો લાભ મળશે.

આ બંને રૂટ તા. ૦૧/૧૨/૨૦૧૮ નાં રોજથી શરૂ કરવામાં આવનાર હોય જાહેર જનતાને સદરહુ બંને રૂટની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

૫૮૯

# પ્રેસ નોટ

સુરત સ્માર્ટસીટી અંતર્ગત નવી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શહેરના નાગરિકોની સુખાકારી અને સુવિધા વધી શકે તે માટે ચુનંદા સ્ટાર્ટઅપના પ્રેઝન્ટેશનનું આયોજન તા.૩૦/૧૧/૨૦૧૮ના સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવ્યું.

યસ બેંક – યસ સકેલ પ્રોગ્રામ દ્વારા સુરતી આઈલેબના સહયોગથી, ભારતભરમાંથી આવેલી ૫૦૦ ઉપરાંતની સ્ટાર્ટઅપ અરજીઓ પૈકી, રાષ્ટ્રસ્તરે પસંદગી પામેલા ૦૬ સ્ટાર્ટઅપ દ્વારા, સુરત શહેરને કેન્દ્રમાં રાખીને નીચેના વિષયો પર એમના પ્રોડકટ/સોલ્યુશનની વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી.

૧.મોબીલીટી (બાઈક શેરીંગ)

૨.વેસ્ટ મેનેજમેન્ટ (ઘન કચરાની વ્યવસ્થા)

૩.એરિઅલ સર્વે (ડ્રોન દ્વારા નગર માપણી/ચકાસણી)

૪.વોટર ડીસ્ટ્રીબ્યુશન મેનેજમેન્ટ (જળસંશાધનનો સમુચિત ઉપયોગ)

૫.સીટી ડેટા મેનેજમેન્ટ (નગર વિષેની માહિતી)

૬.એર કવોલીટી મેનેજમેન્ટ(પ્રદૂષણ માપણી/ નિયંત્રણ)

પ્રારંભિક ઉદ્‌બોધનમાં સુરત સ્માર્ટ સીટીના સી.ઈ.ઓશ્રી સી.વાય.ભટ્ટે આ પ્રોગ્રામમાં સામેલ સભ્યોને આવકાર્યા હતા તથા સુરતી આઈ લેબ અને સુરત સ્માર્ટ સીટી અંતર્ગત સ્ટાર્ટઅપને અપાતી સુવિધા અને પ્રોત્સાહનની રજુઆત કરી હતી.

માનનીય મ્યુનિ.કમિશ્નરશ્રી થેન્નારસન સાહેબે સુરત સ્માર્ટ સીટી માં થઈ રહેલા ટેકનોલોજીના ઉપયોગ અને સુરત મહાનગરપાલિકાની નાગરિક સુવિધા માટેની તત્પરતાનો ઉલ્લેખ કરીને, ભવિષ્યમાં પણ ટેકનોલોજી આધારિત સોલ્યુશનને આવકારવાનો ઉલ્લેખ કર્યો હતો.

## PRESS NOTE

Surat Smart City hosted a presentation by selective startups at Surat Municipal Corporation with focus to improve the quality of life for the citizens.

06 Start ups, selected nationally from 500+ applications under the YES Bank- YES Scale - smart city programme in partnership with SURATi-iLAB, presented their Surat City Centric solutions covering following:

1) Mobility (Bike Sharing)

2) Waste Management

3) Aerial Survey

4) Water Distribution Management

5) City Data Management

6) Air Quality Management

Welcoming the participants, CEO- Surat Smart City Development Ltd. Shri C.Y.Bhatt briefed them about the initiatives like SURATi-iLAB & encouragement & support to start ups by Surat Smart City & Surat Municipal Corporation.

Hon.Municipal Commissioner Shri Thennarasan mentioned about the deployment of technology to enhance civic amenities & indicated the openness of Surat Municipal Corporation (SMC) to engage technology based solutions in future.

The selected start ups will explore the possibilities for further engagement with SMC.

૫૯૦

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) માં આવેલ સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન ફા.પ્લોટ નં.૧૮૩(ઓપન સ્પેસ) વાળી જગ્યામાં કેટલાક ઈસમો ધ્વારા ચણતરની દિવાલો ઉભી કરી પતરાના શેડવાળું બાંધકામ કરી દીધેલ હોવાનું ધ્યાને આવતા, સદરહું ઈસમોને અત્રેથી તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ તેઓ ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૩૦/૧૧/૨૦૧૮ થી આશરે ૩૦૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ કંમ્પાઉન્ડ દિવાલ તથા પ્લીન્થનું તેમજ ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ૧૦ કાચા–પાકા મકાનોનું ગેરકાયદેસર બાંધકામ પોલિસ બંદોબસ્ત મેળવી અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

**૫૯૧**

<u>**સુરત મહાનગર પાલિકા**</u>

<u>**વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**</u>

<u>**અખબારી યાદી**</u>

# ડ્રાય ડે

# સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે <u>તા.૦૧/૧૨/૨૦૧૮</u> ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

<u>સેન્ટ્રલ ઝોનમાં</u> અલ્લાયાની વાડી, લકકડ કોટ, પખાલીવાડ, ખાટકીવાડ, નાનપુરા, શેત્રુંજી વાડ, બદરમીયા સ્ટ્રીટ, ઈન્દરપુરા ખત્રીવાડ જેવા વિસ્તારોમાં,<u>રાંદેર ઝોનમાં</u> ક્રિષ્ના કોમ્પલેક્ષ, પ્રેમજીનગર, આશિષનગર, તીરૂપતિ સોસા., કોળીવાડ, વ્રજવિહાર, આહુરાનગર, કાવસજીનગર, શ્રીનાથ સોસા., ગંગાનગર, ગુ.હા.બોર્ડ, ઠાકોર ધ્વાર વિ–૪, ઈ.ડ.એસ.આવાસ કૃષ્ણકુંજ, પાલણપોર ગામ,સાઈડ એન્ડ સર્વિસ ઝુંપડા જેવા વિસ્તારોમાં,<u>ઉધના ઝોનમાં</u> મફતનગર, કલ્યાણકુટીર, એચ ૧૫ આવાસ (સી–બ્લોક), રામેશ્વરનગર, રેશ્માનગર, હયાતનગર, સત્ય સાંઈનગર જેવા વિસ્તારોમાં,<u>લિંબાયત ઝોનમાં</u> વિજયનગર, નહેરૂનગર, ફુલવાડી, ગૌતમનગર,ઉત્કલનગર,શાંતિનગર, રામનગર, હળપતીવાસ, જગદીશનગર, લામપાટ, તાપીનગર, યોગીધારા, દેવીકૃપા સોસા, ઉત્રાણ, આવાસ એચ–૨ જેવા વિસ્તારોમાં,<u>અઠવા ઝોનમાં</u> દમણ ફળિયું, સુડા આવાસ, ૪૨, સારૂનગર, હળપતિવાસ ભાગ્યલક્ષ્મી સોસા., સુડા વાળા તળાવ પાસે, ખોડીયારનગર, સત્ય સાંઈ સ્કુલ, અલથાણ, કાંઠામહોલ્લો, સુલતાના બાદ, ભીમપોર જેવા વિસ્તારોમાં,<u>કતારગામ ઝોનમાં</u> શ્રીનાથ સોસા–૪,રામેશ્વરનગર, રંગીલા ટાઉનશીપ અને રંગીલાનગર–૨, ચીમની ટેકરા,ગાંધીનગર, સલીમનગર,જવાહરનગર,નેહરૂનગર,સલીમનગર, સંતોષીનગર, ગાયત્રીનગર–૨, શીવદર્શન સોસા,ખોડીયારનગર, એકતાનગર,કૃષ્ણકુપા સોસા, સંતોષનગર,રબારી વસાહત જેવા વિસ્તારોમાં, <u>વરાછા ઝોનમાં</u> ગણેશનગર, ઉધરસભૈયાની ચાલ, દલિત વસાહત પટેલનગર, હળપતિવાસ, અશોકનગર, મોદી મહોલ્લો, જાડા બાવાનો ટેકરો, તાસની વાડી, રાણાપંચની વાડી, શ્રીરામનગર, રવિપાર્ક ટાંકીપાળ ઝું., કૃષ્ણનગર, દિનદયાળનગર, ખડી ફળિયું, નારાયણનગર, લક્ષ્મીનગર, ભૈયાનગર, વિશ્વકર્મા સો., મહાવીર સો., શ્યામધામ સો–૧,૨ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **90390** | **215341** | **503** | **2515** | **897** | **3221** | **125** | **58300** | **49** | **65125** | **18990** |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

**૫૯૨**

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા ત.૦૧/૧૨/૨૦૧૮ના રોજ મોજે–વરીયાવ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નં.૮૯૨/પૈકી, બ્લોક નં.૮૩૧/૧ની બાજુમાંથી પસાર થતાં વરીયાવ થી ગોઠાણ રેલ્વે ઓવર બ્રીજના ડી.પી. રોડ પૈકીની જગ્યામાં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ તબેલા / ઘાસના સ્ટોરેજનું બાંધકામ દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ અને આશરે ૪૦૦૦.૦૦ ચો.ફૂટ જેટલા ડી.પી.રોડ પરનું દબાણ દૂર કરેલ છે. સદર ડિમોલીશન અન્વયે મિલકતદાર પાસેથી કુલ ૨૦,૦૦૦/– દંડ પેટે વસુલ લેવામાં આવેલ.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૩–આસી.ઈજનેર/જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ફોટોગ્રાફર તથા કુલ–૨૦ બેલદાર, કુલ ૧–નંગ મઝદા ગાડી સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

**૫૯૩**

# <u>પ્રેસનોટ</u>

સેન્ટ્રલ ઝોન

સુરત મહાનગરપાલિકા

<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

(૧) સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧(નાણાવટ), નોંધ નં.૧૨૭૪,૧૨૭૫, નાણાવટ મેઈન રોડ ઉપર આવેલ મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક રહેણાંક હેતુસર બેઝમેન્ટ + ભોંયતળિયા + પાંચ માળ માટે મંજુર કરાયેલ પ્લાનો વિરુઘ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૦૧/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૭૫૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરુઘ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામનું તા.૦૬/૧૦/૧૮ નાં રોજ ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ  મિલ્કતદારો ધ્વારા ફરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ.

(૨) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૧(નાણાવટ)માં નાણાવટ મેઈન રોડ ઉપર આવેલ નોંધ નં.૧૨૭૨,૧૨૭૩ માં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક રહેણાંક હેતુસર મંજુર કરાયેલ બેઝમેન્ટ + ભોંયતળીયા +પાંચ માળના પ્લાનો વિરુઘ્ધ ભોંયતળિયે પાર્કિગના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર દુકાનોનું શટર,ચણતર,પ્લાસ્ટર વિગેરેનું બાંધકામ આજરોજ દુર કરી કુલ ૯૫૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિગ માટે ખુલ્લો કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરુઘ્ધ દુકાનોનું કોમર્શીયલ હેતુસરનું ગેરકાયદેસર બાંધકામનું તા.૨૬/૦૯/૧૮ નાં રોજ ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મિલ્કતદારો ધ્વારા ફરી દુકાનોનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં, આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ.

૫૯૪

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

(૧) સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧(નાણાવટ), નોંધ નં.૧૨૭૪,૧૨૭૫, નાણાવટ મેઈન રોડ ઉપર આવેલ મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક રહેણાંક હેતુસર બેઝમેન્ટ + ભોંયતળિયા + પાંચ માળ માટે મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૦૧/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૭૫૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામનું તા.૦૬/૧૦/૧૮ નાં રોજ ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મિલ્કતદારો ધ્વારા ફરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ.

(૨) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૧(નાણાવટ)માં નાણાવટ મેઈન રોડ ઉપર આવેલ નોંધ નં.૧૨૭૨,૧૨૭૩ માં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક રહેણાંક હેતુસર મંજુર કરાયેલ બેઝમેન્ટ + ભોંયતળીયા +પાંચ માળના પ્લાનો વિરુધ્ધ ભોંયતળિયે પાર્કિંગના વિસ્તારમાં ગેરકાયદેસર રીતે દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ. સદર ગેરકાયદેસર દુકાનોનું શટર,ચણતર,પ્લાસ્ટર વિગેરેનું બાંધકામ આજરોજ દુર કરી કુલ ૯૫૦ ચો.ફુટ વિસ્તાર પાર્કિંગ માટે ખુલ્લો કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ દુકાનોનું કોમર્શીયલ હેતુસરનું ગેરકાયદેસર બાંધકામનું તા.૨૬/૦૯/૧૮ નાં રોજ ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મિલ્કતદારો ધ્વારા ફરી દુકાનોનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં, આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ.

**૫૯૫**

<u>પ્રેસનોટ</u>

વિશ્વ એઈડ્સ દિન,૧ લી ડિસેમ્બર નિમિત્તે ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસયટી, સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત સ્ટેટ પીપલ લીવીંગ વિથ એચ,.આઇ.વી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે આજ રોજ સુરત શહેર ખાતે રાજ્ય કક્ષાનો કાર્યક્રમ માન.આરોગ્ય મંત્રી શ્રી (રા.ક) શ્રી કિશોરભાઇ કાનાણી તથા માન.મેયરશ્રી જગદીશભાઇ પટેલની અધ્યક્ષતા હેઠળ યોજવામા આવ્યો.

એચ,.આઇ.વી/એઇડ્સ પ્રત્યે જાગૃતિ અર્થે આજ રોજ સવારે ૯.૦૦ કલાકે વિશાળ રેલી નું આયોજન થયુ. જેમા અંદાજિત ૮૦૦ વ્યક્તિઓ હાજર રહ્યા હતા.આ રેલી કેબલ બ્રિજના અઠવા બાજુના છેડાથી શરુ કરી સંજયકુમાર ઓડીટોરીયમ સુધી પૂર્ણ થઇ.રેલીનું પ્રસ્થાન માન,.આરોગ્ય મંત્રી શ્રી (રા.ક) શ્રી કિશોરભાઇ કાનાણી તથા માન.મેયરશ્રી જગદીશભાઇ પટેલ તથા અન્ય મહાનુભવાઓ દ્રારા કરવામા આવ્યુ.ત્યારબાદ રાજ્ય કક્ષાનો સન્માન સમારંભ સંજીવકુમાર ઓડીટોરીયમ ખાતે

સમ્પન્ન થયો,.જેમા વર્ષ  દરમ્યાન સારી કામગીરી કરનાર રાજ્યના ૩૫ કર્મચારીઓનું માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ તથા માજી મંત્રી         શ્રી નાનુભાઇ વાનાણી તથા અન્ય મહાનુભવો દ્રારા કરવામા આવ્યુ.

આ સન્માન સમારંભના  કાર્યક્રમમા અંદાજિત ૮૦૦ વ્યક્તિઓ હાજર રહ્યા હતા રાજ્ય સરકારશ્રી દ્રારા વિવિધ પોસ્ટરોનુ લોંચિંગ ઉપસ્થિત મહાનુભવો દ્રારા કરવામાં આવ્યુ તેમજ પપેટ શો દ્રારા લોકોને એચ,.આઇ.વી/એઇડ્સ ની જન જાગૃતિની  માહિતી આપવામા આવી. આ સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસયટી,અમદાવાદ સુરત મહાનગરપાલિકા તથા ગુજરાત સ્ટેટ પીપલ લીવીંગ વિથ એચ,.આઇ.વી સંસ્થા દ્રારા કરવામા આવ્યુ.





# પ્રેસનોટ

## પાર્કિંગ પોલિસી અને પાર્કિંગ બાઈલોઝ

પ્રવર્તમાન સમયમાં વધતા જતાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણને કારણે વધતી જતી ટ્રાફિક સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરી તેના વ્યવહારુ ઉકેલ માટે શહેર વિસ્તાર માટે પાર્કિંગ પોલિસી અને પાર્કિંગ બાઈલોઝ તૈયાર કરવા માટેની પહેલ કરનાર સુરત મહાનગરપાલિકા પ્રથમ મહાનગરપાલિકા છે. જેને બનાવેલ પાર્કિંગ પોલિસી અને પાર્કિંગ બાઈલોઝ સમગ્ર ગુજરાત અને દેશભર માટે દ્રષ્ટાંતરૂપ સાબિત થશે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા પાર્કિંગ પોલિસી અને પાર્કિંગ બાઈલોઝ તૈયાર કરી તા.૧૦/૧૦/૨૦૧૮ ના રોજ સરકારશ્રીમાં મંજુરી માટે રજુ કરવામાં આવેલ. જે સરકારશ્રી ધ્વારા ઉંડાણ પુર્વક વિચારણા કરી આજરોજ મંજુર કરેલ છે. જેથી હવે સુરત શહેરમાં પાર્કિંગ પોલિસી અને પાર્કિંગ બાઈલોઝ અને ટ્રાફિક સમસ્યા હળવી કરવા સુરત મહાનગરપાલિકા અસરકારક પગલાં લઈ શકશે.

સુરત મહાનગરપાલિકાએ તૈયાર કરેલ પાર્કિંગ પોલિસીમાં મુખ્ત્વે ઓનસ્ટ્રીટ પાર્કિંગ અને ઓફસ્ટ્રીટ પાર્કિંગ માટે નિયત દર વસુલવાની જોગવાઈ છે. જેને કારણે સામાન્ય દર ભરપાઈ કરી લોકો સુવ્યવસ્થિત અને સલામત પાર્કિંગનો લાભ મેળવી શકશે. રસ્તા પર થતાં આડેધડ પાર્કિંગનાં કારણે સર્જાતી ટ્રાફિક ની સમસ્યા હળવી બનશે. ઓફ સ્ટ્રીટ પાર્કિંગની સરખામણીમાં ઓન સ્ટ્રીટ પાર્કિંગના દર વધુ રાખવામાં આવશે. જેથી વાહનચાલકો શકયતઃ ઓફ સ્ટ્રીટ પાર્કિંગ કરવા માટે પ્રેરાશે. પાર્કિંગ પોલિસી અને બાઈલોઝ અમલમાં આવવાને કારણે અનઅધિકૃત રીતે થતાં પાર્કિંગ સામે સુરત મહાનગરપાલિકા દંડ સહિતના શિક્ષાત્મક પગલાં લઈ શકશે.

સુરત મહાનગરપાલિકા તરફથી પાર્કિંગ પરમિટ આપવાની જોગવાઈ ને કારણે જાહેર રસ્તાઓના જે હિસ્સામાં જરૂરીયાત કરતાં વધુ પહોળાઈનાં રસ્તા મળે છે, ત્યાં વાહનવ્યવહાર કે રાહદારીઓને અડચણરૂપ ન થાય તેવા રોડનાં હિસ્સામાં સુરત મહાનગરપાલિકા ધ્વારા માસિક / અર્ધવાર્ષિક / વાર્ષિક ધોરણે નિયમિત પાર્કિંગ કરવાની પરવાનગી આપવામાં આવશે.

સદરહુ પોલિસી અને જોગવાઈમાં વાહનો ખરીદતાં પહેલા જે તે વાહનના પાર્કિંગ માટેની સ્પેશ ઉપલબ્ધ હોવાના પુરાવા મેળવવાની જોગવાઈ યોગ્ય સમયે પછીના તબકકામાં કરી શકાશે.

રહેણાંક અને વાણિજયની મિલ્કતોમાં ઉપલબ્ધ વધારાના પાર્કિંગની જગ્યા અન્ય જરૂરીયાતમંદ લોકોને વાપરવા આપવાની એટલેકે ઉપલબ્ધ પાર્કિંગમાં હિસ્સેદારી કરવાની વ્યવસ્થાને પણ પ્રોત્સાહન આપવાની જોગવાઈ કરી શકાશે.

વધુમાં સદર પોલિસીથી સમગ્રતઃ "માસ ટ્રાન્સપોર્ટેશન"ને પ્રોત્સાહન મળે અને ખાનગી વાહનોના વપરાશ ઘટે, માલસામાન વાહક વાહનો( ટ્રક,ટેમ્પો વિગેરે) તથા લકઝરી બસો જેવા મોટા વાહનોની શહેરમાં અવર જવર પર નિયમન કરવાનું, નોન મોટરાઈઝ ટ્રાન્સપોર્ટેશનને પ્રોત્સાહન આપવા સહિતની, પ્રવર્તમાન સમયને અનુરૂપ આવકારદાયક જોગવાઈનો સમાવેશ થયેલ છે.

માસ ટ્રાન્સપોર્ટેશન તથા બી.આર.ટી.એસ. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ભવિષ્યમાં થનાર મેટ્રો સ્ટેશનની નજીકમાં રીક્ષા તથા ખાનગી વાહનોને પાર્કિંગ માટે પુરતી જગ્યા ઉપલબ્ધ બની રહે તે અંગેની પણ માર્ગદર્શિકા આપવામાં આવેલ છે.

પાર્કિંગ પોલિસી અને બાયલોઝનાં અસરકારક અમલનાં કારણે જાહેર પરિવહનને પ્રોત્સાહન મળશે અને ખાનગી વાહનોનો ઓછો ઉપયોગ કરવા લોકો પ્રેરાશે જેના પરિણામ સ્વરૂપે શહેરના પ્રદુષણ મુકત સ્વચ્છ પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ થાય તેવા વાતાવરણના નિર્માણની લાંબા સમયગાળાની સકારાત્મક અસરો જોવા મળશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૫૯૬
તા.૦૧/૧૨/૨૦૧૮

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૪ (બેગમપુરા), નોંધ નં.૧૫૬૬ માં મિલ્કતદાર ધ્વરા સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની મંજુરી લીધા વિના ભોંયતળિયા + ૦૨ માળનું બાંધકામ કરી કોમર્શીયલ હેતુસર દુકાનોનું બાંધકામ કરેલ. જે ગેરકાયદેસર બાંધકામ આજે તા.૦૩/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતા ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી દુર કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૦૯ (નવ) દુકાનોનાં શટર દુર કરવા તથા આશરે ૪૦૦ ચો.ફુટ ચણતર,પ્લાસ્ટર વિગેરેનું બાંધકામ દુર કરી આશરે ૫૬૦૦ ચો.ફુટ કોમર્શીયલ હેતુસર દુકાનોનાં ગેરકાયદેસર બાંધકામનો વિસ્તાર ખુલ્લો કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે અગાઉ સુરત મહાનગરપાલિકા ધ્વારા ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર ધ્વારા ફરી દુકાનોનું બાંધકામ કરવામાં આવતા આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ.

આવનાર દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવાની કામગીરી ઘનિષ્ટરૂપે ચાલુ રહેશે.

# <u>પ્રેસનોટ</u>

મે.આસી.કમિશ્નરશ્રી એચ. વી. કિનખાબવાલા સાહેબના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ વોર્ડ નં.૪૧–ડી, રીંગરોડ ખાતે આવેલ મિલેનીયમ માર્કેટ–૧ માં આકારણી વિભાગના કર્મચારીઓ દ્વારા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓની **૫૪** જેટલી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. જેની સ્થળ પર જ **રૂા.૧૧,૦૧,૮૮૮/–** જેટલી રકમની વસુલાત થયેલ છે વધુમાં, તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધી રેસીડેન્સ, કોમોર્શીયલ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ન ભરપાઈ કરતા કરદાતાની મિલ્કતોના નળ કનેકશન કાપવાની તથા સીલ મારવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી મિલ્કત વેરો ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર 598
તા. 3/12/2018

# "પ્રેસ નોટ"

## "અધતન એરકન્ડીશન રેસ્ટ રૂમ કોમ્પલેક્ષ(ટોઈલેટની વ્યવસ્થા સાથે)"

સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનમાં જવાહરલાલ નહેરૂ પાર્ક(ચોપાટી ગાર્ડન) પાસે ગુજરાત સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ લિ.(G.S.I.L.) ના CSR ફંડથી નિર્માણ કરવામાં આવેલ છે. આ અધતન રેસ્ટ રૂમ કોમ્પલેક્ષની ગુજરાત સી.એસ.આર.ઓથોરીટી ના CEO, શ્રી ડી.થારા,IAS ની હાજરીમાં સુરત મ્યુનિસિપલ કમિશ્નર શ્રી એમ.થેન્નારસન, IAS ના વરદહસ્તે આજરોજ તા:૦૩/૧૨/૨૦૧૮ ના રોજ લોકાર્પણ વિધિ સંપન્ન થયેલ છે.

સદર રેસ્ટ રૂમ કોમ્પલક્ષ થી જાહેર જનતાને અધતન સુવિધા પ્રાપ્ત થશે. જેમાં એરકન્ડીશન સીટીંગ/વેઈટીંગ એરીયા, લેડીઝ એન્ડ જેન્ટસ ટોઈલેટ બ્લોક, હેન્ડીકેપ ટોઈલેટ બ્લોક, ન્યુઝ પેપર/મેગેઝીન, શુઝ પોલીશ મશીન, ટી/કોફી વેન્ડીંગ મશીન, લોકર રૂમ, બેબી કેર રૂમ, સેનેટરી નેપકીન વેન્ડીંગ મશીન, યુઝડ નેપકીન ડીસ્ટ્રોઈંગ મશીન, ઓન લાઈન ફીડબેક સીસ્ટમ વિગેરે સુવિધાનો સમાવેશ થાય છે જેનો શહેરીજનોને / નાગરિકોને લાભ મળશે.


આ CSR પ્રોજેકટ ગુજરાત CSR ઓથોરીટી ધ્વારા ડીઝાઈન કરી, અમલમાં મુકવામાં આવેલ છે.

વધુમાં, સુરત મહાનગરપાલિકાના સહયોગથી ગુજરાત CSR ઓથોરીટી ધ્વારા આવા બીજા કોમ્પલેક્ષ સુરત શહેરના બીજા જાહેર સ્થળોએ બનાવવાનું આયોજન છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૫૯૯
તા. ૩-૧૨-૨૦




HANDICAPPED






Sponsored Company:
Gujarat State Investment Limited
Supported By:
Surat Municipal Corporation
Implementing Agency:
GCSRA
Gujarat CSR Authority
Architect:
Mamta Shah & Associates, Vadodara
Contractor:
Siddhi Construction, Surat
Year:2018-2019


Sponsored Company:
Gujarat State Investment Limited
Supported By:
Surat Municipal Corporation
Implementing Agency:
GCSRA
Gujarat CSR Authority
Architect:
Mamta Shah & Associates, Vadodara
Contractor:
Siddhi Construction, Surat
Year:2018-2019

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૬૨૩,૬૨૫,૧૦૮૭ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૦૪/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૧૭૦ ચો.ફુટ વિસ્તારમાં પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ અને ૦૩ દુકાનોનાં શટર દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૯૦૮ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૦૪/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૪૦૦ ચો.ફુટ વિસ્તારમાં પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ અને ૦૨ દુકાનોનાં શટર દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૦૮(ગોપીપુરા), નોંધ નં.૧૫૦૭ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૦૪/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૬૦૦ ચો.ફુટ માર્જીન + ઓ.ટી.એસ.માં કરવામાં આવેલ આર.સી.સી.નું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ

## લિબાંયત ઝોને માર્કેટ એરીયા ની વસુલાતમાં બોલાવેલ સપાટો

મે.આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા આજરોજ સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ વોર્ડ નં.૪૧–ડી, માં આવેલ સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં આકારણી વિભાગના કર્મચારીઓ દ્વારા સીલ મારવાની કામગીરી કરવામાં આવેલ છે. જેમાં કુલ **૪૧** દુકાનોને સીલ મારવામાં આવેલ. જેમાં **૨૬** દુકાનના માલિકોએ સ્થળ પર જ **રૂા.૭,૨૮,૦૦૦/–** ઉપરાંતનો વેરો ચુકવી દીધેલ છે. તેમજ માર્કેટ વિસ્તારમાં ફફડાટ વ્યાપી જતા માર્કેટના અન્ય મિલકતદારોએ મિલકત વેરો ભરપાઈ કરવા દોડ મુકી ધરખમ ધસારા વચ્ચે **રૂા.૩,૮૪,૦૦૦/–** અંકે રૂપિયા ત્રણ લાખ ચોર્યાસી હજાર પુરા મિલકત વેરો ભરપાઈ કરી દીધો. આમ, બે દિવસના આકારણી ખાતાની સીલીંગ કામગીરીમાં કુલ્લે **રૂા.૨૨,૧૩,૦૦૦/–** અંકે બાવ્વીસ લાખ તેર હજાર પુરા. વધુમાં, તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં લિંબાયત ઝોનમાં આવતા તમામ રેસીડેન્સ, કોમોર્શીયલ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પણ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી મિલ્કત વેરો ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર
તા. ૭/૧૨/૧૮

## —: પ્રેસનોટ :—

આજરોજ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ધ્વારા ટી.પી.૭(આંજણા) ફા.પ્લોટ નં.૪૫ ઉમરવાડા ખાતે આવેલ ઈ ડબલ્યુ એસ આવાસમાં "બાકી હપ્તા વસુલાતની" કામગીરી કરવામાં આવેલ. સદર આવાસોના હપ્તાના નાણાં ઘણા લાંબા સમયથી બાકી હોય ઝોન ધ્વારા કુલ ૭ ટીમ બનાવી પોલીસ બંદોબસ્ત સાથે તથા સુરત મહાનગરપાલિકાના સીકયુરીટી ગાર્ડ, માર્શલ સાથે અલગ—અલગ બિલ્ડીગોમાં હપ્તા વસુલાતની કામગીરી કડક હાથે કરવામાં આવેલ. સદર કામગીરી દરમ્યાન અલગ—અલગ બિલ્ડીગોમાં કુલ ૯૭ આવાસોને બાકી હપ્તા પેટે સીલ મારવામાં તેમજ સ્થળ પર ભોગવટો કરનાર ધ્વારા હપ્તાના નાણાં ભરતા સીલ ખોલવામાં આવેલ જયારે આ સમગ્ર કામગીરી દરમ્યાન સ્થળ ઉપર કુલ રૂ.૧૫,૧૫,૭૫૫/— ની વસુલાત કરવામાં આવેલ અને સદર કામગીરી હાલમાં પણ ચાલુ હોવાનું માલુમ પડેલ છે. આવનારા દિવસોમાં પણ ઝોન ધ્વારા અન્ય આવાસોમાં આ પ્રકારની કામગીરી કરનાર હોવાનું ધ્યાને આવેલ છે.

# પ્રેસ નોટ :

તા.૦૫–૧૨–૨૦૧૮ નાં રોજ સ્મીમેર ખાતે **માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં મળેલ એકઝીકયુટીવ કમિટીની મીટીંગમાં ડે. મેયરશ્રી, કમિશ્નરશ્રી, અધ્યક્ષશ્રી (હોસ્પિટલ કમિટી), અધ્યક્ષશ્રી (આરોગ્ય કમિટી), મેડીકલ એક્ષપર્ટસશ્રીઓ વિગેરેની** હાજરીમાં મળેલ મીટીંગમાં સ્મીમેર હોસ્પિટલ ખાતે મેડીસીન વિભાગમાં રીનલ ફેઈલ્યોર તથા અન્ય કીડનીનાં રોગોમાં દર્દીને ડાયાલીસીસ માટે, આઈ.સી.યુ.માં ગંભીર દર્દીઓનાં સોનોગ્રાફી અને ઈકોકાર્ડિયોગ્રાફી માટે જનરલ વોર્ડમાં ઈન્ટરમીડીયેટ આઈ.સી.યુ.નાં દર્દીઓનાં મોનીટરીંગ માટે ઉપયોગી તથા હૃદયની ગતિની અનિયમિતતાં માટે અને કાર્ડિયાક અરેસ્ટનાં કિસ્સામાં ડીસી શોક આપી સીરીયસ પેશન્ટસને રીવાઈવ કરવા માટેના સાધનો કુલ રૂા.૭૩,૩૫,૯૯૧/– નાં ખર્ચે, બાયોકેમિસ્ટ્રી વિભાગ માટે Arterial Blood Gas Analyzer & Electrolyte Analyzer મશીન ફ્રી ઓફ કોસ્ટ ઈન્સ્ટોલ અને મેઈનટેઈન કરાવી ફકત રીએજન્ટ ખરીદીનું કામ, હોસ્પિટલ ખાતે કેન્ટીન ભાડેથી ચલાવવાનાં કામમાં સૌથી ઉંચા ભાવ આપનાર ટેન્ડરર મયુર ભજીયાવાલા એન્ડ રેસ્ટોરન્ટને બે વર્ષ માટે સોંપવાનું તથા સૌથી ઓછા ભાવ આપનાર ટેન્ડરર મયુર ભજીયાવાલા એન્ડ રેસ્ટોરન્ટને ઈન્ડોર પેશન્ટસને બેડ ટુ બેડ ડાયેટ સપ્લાય કરવાનું કામ બે વર્ષ માટે સોંપવાનું,ઓર્થોપેડીકસ વિભાગમાં આઈ.સી.યુ. માં ગંભીર દર્દીઓ તથા પોસ્ટ ઓપરેટીવ દર્દીઓની સારવાર માટે ઉપયોગી Ventilator તથા જુદા જુદા ફ્રેકચરની સારવાર માટે ઉપયોગી સાધનો કુલ રૂા.૨૧,૦૭,૯૭૨/– નાં ખર્ચે તથા સ્મીમેર હોસ્પિટલનાં એમ.આર.યુ. વિભાગ માટે જુદા જુદા પ્રકારનાં રિસર્ચ માટેનાં ઈકિવપમેન્ટસ/ઈન્સ્ટ્રુમેન્ટસ કુલ રૂા.૪૮,૪૨,૫૬૪/– નાં ખર્ચે ખરીદવાની ભલામણ કરવામાં આવી.

# પ્રેસનોટ

સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :-**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૨(સગરામપુરા), નોંધ નં.૧૮૫,૧૮૬,૧૮૭ વાળી મિલ્કતનાં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાનામંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર (પાર્કીંગ) + ૦૪ (ચાર) માળની ઉપર મંજુરીવગર ૦૫(પાંચ) માં માળનો માળ વધારાનું કામ શરૂ કરેલ છે. જે ગેરકાયદેસર બાંધકામ તા.૦૬/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરીટી સ્ટાફની મદદથી દુર કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમાં માળે આશરે ૧૪૯૮ ચો.ફુટ ગેરકાયદેસર માળ વધારાનું બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૧૫,૦૦૦/- વહીવટી ચાર્જ તથા રૂા.૧૦,૦૦૦/- સી.એન્ડ ડી. વેસ્ટ વસુલ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ......૬૦૪......
તા.૦૬/૧૨/૨૦૧૮

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨(શાહપોર), નોંધ નં.૫૭૩ માં " વિરેન્દ્ર ટેક્ષ્ટોરીયમ " ના મિલ્કતદાર ધ્વરા સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની મંજુરી લીધા વિના ભોંયતળિયા + ૦૩ માળની મિલ્કતનું ગોડાઉન બનાવવાનાં કોમર્શીયલ હેતુસરનું બાંધકામ શરૂ કરેલ. જે ગેરકાયદેસર બાંધકામ તા.૦૫/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતા ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી દુર કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે ૬૨૦ ચો.ફુટ ગેરકાયદેસર કોમર્શીયલ હેતુસરનાં બાંધકામનું  ડિમોલીશન કરવામાં આવેલ. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૬૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ–વેસ્ટ(અઠવા)
# અખબારી યાદી

**વિષય :** આકારણી વિભાગ ધ્વારા મિલકત વેરાની રીકવરી બાબત.

સુરત મહાનગરપાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮–૧૯ના મ્યુનિસિપલ મિલકતવેરાની રીકવરી ઘનિષ્ઠ કરવામાં આવેલ છે. જેમાં તા.૦૪/૧૨/૨૦૧૮ થી તા.૦૬/૧૨/૨૦૧૮ના દરમ્યાન અઠવાઝોન સંલગ્ન વિસ્તાર જેવા કે સરસાણા, ભટાર, અંબાનગર ભટાર રોડ તથ અલથાણમાં આવેલ કુલ ૨૧ પ્રોપર્ટી/મિલ્કતો સિલ કરેલ છે, અને સ્થળ પર રૂા.૨૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બાવીસ લાખ પુરા)જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

.......................

## માહે નવેમ્બર ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે નવેમ્બર **૨૦૧૮** દરમ્યાન **૫૦૧૧** ઈન્ડોર તથા **૪૯૪૫૮** આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૧૧૪** નાના તથા ૬૬૩ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૨૮૭૦** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૨૫૨** અને જુના **૧૨૮૮** દર્દીઓ સહીત કુલ **૨૫૪૦** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૨૪૫** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૦૪૫** તથા આંખ વિભાગમાં **૩૧૦૦** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૧૭૬૨૨** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# <u>પ્રેસનોટ</u>

મે.ડે.કમિશ્નર(ડી.)શ્રી સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા આકારણી વોર્ડ નં.૪૧–એ અને સી, રીંગરોડ ખાતે આવેલ સર્વોદય માર્કેટ, ૪૫૧ ટેક્ષટાઈલ માર્કેટ, સોમેશ્વર માર્કેટ, રઘુકુલ માર્કેટ, ગૌતમ માર્કેટ, ગોગા પેલેસ, અનમોલ માર્કેટ, ૠતુરાજ માર્કેટ, રઘુકુલ માર્કેટ તેમજ સુપર ટેક્ષ ટાવર વિગેરે માર્કેટોમાં માં આકારણી વિભાગના કર્મચારીઓ દ્વારા રીકવરી સમય દરમ્યાન સ્થળ ઉપર સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવતા **રૂા.૧૭,૭૧,૦૯૧/–** વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં, તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધી રેસીડેન્સ, કોમોર્શીયલ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ન ભરપાઈ કરતા કરદાતાની મિલ્કતોના નળ કનેકશન કાપવાની તથા સીલ મારવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી મિલ્કત વેરો ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ ખાતે આયોજીત લગ્નગીત સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ માધ્યમિક વિભાગની લગ્નગીત સ્પર્ધા સવારે ૧૦.૦૦ કલાકે તથા ખુલ્લા વિભાગની લગ્નગીત સ્પર્ધાનું આયોજન બપોરે ૧.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ.સ. શાળા નં.૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ લગ્નગીત સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ માધ્યમિક શાળાઓના ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં ૧૮ વર્ષથી ઉપરના ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **પ્રવેશપત્રો તા.૧૮/૧૨/૨૦૧૮** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

સમાચારયાદી નં. 6 0 9, તા. ૦૭/૧૨/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૩૦/૧૧/૨૦૧૮ થી તા.૦૬/૧૨/૨૦૧૮(શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૬૨૪ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૨૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૯૬ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૫ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૪ |

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

(૧) સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭, નોંધ નં.૨૫૯૫ થી ૨૫૯૭, મહાકાળી મંદિરની બાજુ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી જયેશ બાલકૃષ્ણ મહંત તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર પ્લાનમાં કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા તા. તા.૦૭/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે કુલ ૨૬૦૦ ચો.ફુટ વિસ્તારમાં આર.સી.સી.સ્લેબ તથા ચણતરનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. અત્રે ઉલેખનીય છે કે સદર મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા હસ્તક મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ કરેલ ગેરકાયદેસર બાંધકામનું તા.૨૯/૦૫/૧૮ તથા તા.૨૧/૦૮/૧૮ થી ડિમોલીશન કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ મિલ્કતદારો ધ્વારા ફરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવેલ. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૧,૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૫, નોંધ નં.૫૯૪,૫૯૫ પંચોલી શેરી, નવકાર પેલેસ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ પાર્કિંગવાળા ભાગમાં ચણતર કરી શટર લગાવી દુકાન બનાવતા તા. તા.૦૭/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે કુલ ૫૭૦ ચો.ફુટ જેટલી ચણતર દુર કરી તથા શટરો દુર કરી પાર્કિંગવાળો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૨૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

**રીઝર્વેશનમાં ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત** :–

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) વિસ્તારમાં રીઝર્વેશનમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૨૦૨ (સોશિયલ ઈન્ડ.) ના રીઝર્વેશન પ્લોટ માં આવેલ કાચા પાકા મકાનનું આશરે ૨૦૦ ચો.ફુટનું દબાણ દુર કરવામાં આવેલ છે.

(૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૨૦૩ (હાઉસીંગ ફોર SEWS) હેતુ ના રીઝર્વેશન પ્લોટ માં ચણતરની દિવાલનું ૨૫૦ ચો.ફુટ નું બાંધકામ તેમજ કાચા ઝૂંપડાઓનું આશરે ૨૦૦ ચો.ફુટ બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૩) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં.૨૦૦ (સેલ ફોર કોમર્શિયલ) ના રીઝર્વેશન હેતુના પ્લોટમાંથી તા.૦૫/૧૨/૨૦૧૮ ના રોજ ૧૫૦ ચો.ફુટ નું ચણતરનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

મે.ડે.કમિશ્નર(ડી.)શ્રી સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા આકારણી વોર્ડ નં.૪૧–એ અને ડી, માં આવેલ એચ.ટી.સી. માર્કેટ તેમજ સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં આકારણી વિભાગના કર્મચારીઓ દ્વારા રીકવરી સમય દરમ્યાન સ્થળ ઉપર કુલ **૧૧** દુકાનોને સીલ મારવામાં આવેલ. જે પૈકી ૧૦ દુકાનદારો પાસેથી સ્થળ પર જ **રૂા.૧૨,૬૧,૧૫૦/**– થી વધુની વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં, તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધી રેસીડેન્સ, કોમોર્શીયલ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ન ભરપાઈ કરતા કરદાતાની મિલ્કતોના નળ કનેકશન કાપવાની તથા સીલ મારવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી મિલ્કત વેરો ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

**<u>પાણીના મીટરના કનેકશના ચાર્જ વસૂલ કરવા તથા ચાર્જ ન ભરપાઈ કરનાર મિલકતોના પાણીના કનેકશન દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ વિસ્તારમાં નીચે જણાવેલ મિલકતોમાંથી તા.૦૪/૧૨/૨૦૧૮ થી તા.૦૭/૧૨/૨૦૧૮ (દિન –૪) દરમ્યાન પાણીના મીટરના કનેકશનના ચાર્જ વસૂલ કરવામાં આવેલ છે તથા પાણીના મીટરના કનેકશના ચાર્જ ન ભરપાઈ કરનાર મિલકતોના પાણીના કનેકશન દૂર કરેલ છે.

**– પાણીના મીટરના કનેકશના ચાર્જ વસૂલ કરવામાં આવેલાની વિગતઃ–**

(૧) સલીના રેસીડેન્સી, બિલ્ડીગ–આઈ – રૂા. ૩૦૦૦૦/– વસૂલ કરેલ છે.

(૨) ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાંડેસરા, બ્લોક નં.૩૩૦ – રૂા.૨૦,૦૦૦/– વસૂલ કરેલ છે.

(૩) સિલ્વર પાર્ક, રેસીડેન્સી ,બી–૧ ઉન – રૂા.૮૩,૯૩૪,૦૦૦/– વસૂલ કરેલ છે.

(૪) બાટલી બોય, ભેસ્તાન , – રૂા.૫૦,૦૦૦/– વસૂલ કરેલ છે.

(૫) ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાંડેસરા, બ્લોક નં.૩૨૪ – રૂા.૩૮,૦૦૦/– વસૂલ કરેલ છે.

(૬) મારીયા રેસીડેન્સી, બિલ્ડીગ–ડી – રૂા.૪૬,૩૬૧/– વસૂલ કરેલ છે.

(૭) ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાંડેસરા, બ્લોક નં.૩૩૫ – રૂા.૮૯,૧૪૦/– વસૂલ કરેલ છે.

(૮) ગુજરાત હાઉસિંગ બોર્ડ,પાંડેસરા, બ્લોક નં. ૨૧૭ – રૂા.૫૭,૬૦૦/– વસૂલ કરેલ છે.

**– પાણીના મીટરના કનેકશના ચાર્જ ન ભરપાઈ કરનાર મિલકતોના પાણીના કનેકશન દૂર કરવામાં આવેલાની વિગતઃ–**

(૧) મારીયા રેસીડેન્સી, બિલ્ડીગ–સી ,ઉન.

(૨) મારીયા રેસીડેન્સી, બિલ્ડીગ–ડી,ઉન.

(૩) સલીના રેસીડેન્સી, બિલ્ડીગ–આઈ,ઉન.

(૪) સલીના રેસીડેન્સી, બિલ્ડીગ–એફ,ઉન.

(૫) ગુજરાત હાઉસીગ બોર્ડ, બ્લોક નં.૨૨૬,પાંડેસરા,

સદરહું કામગીરી દરમ્યાન કુલ ૦૫ (પાંચ) મિલકતોમાંથી પાણીના કશેકશન દૂર કરવામાં આવેલ છે તથા કુલ ૦૮ (આઠ) મિલકતોમાંથી પાણીના મીટરના કનેકશના ચાર્જ કુલ રૂા. ૪,૧૫,૦૩૫.૦૦ વસૂલ કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# પ્રેસનોટ

**સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), ફા.પ્લોટ નં.૧૬૬ માં આવેલ અમનનગર–૧ સોસાયટીના સબપ્લોટ નં.૮૧ તથા ફા.પ્લોટ નં.૧૬૯ માં આવેલ અમનનગર–૨ સોસાયટીના સબપ્લોટ નં.૨૯ થી ૩૨ વાળી મિલ્કતમાં કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત.**

સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૦/૧૨/૨૦૧૮ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), ફા.પ્લોટ નં.૧૬૬ માં આવેલ અમનનગર–૧ સોસાયટીના સબપ્લોટ નં.૮૧વાળી મિલ્કત તથા ફા.પ્લોટ નં.૧૬૯ માં આવેલ અમનનગર–૨ સોસાયટીના સબપ્લોટ નં.૨૯ થી ૩૨ વાળી મિલ્કતમાં કુલ અંદાજિત ૨૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ડીમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ તથા બંને મિલ્કતોના ભોંયતળિયે આવેલ કુલ–૧૦ જેટલી દુકાનના શટર દુર કરી ડીમોલીશન કરવામાં આવેલ છે. સદર કામગીરી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન, સુરત મહાનગરપાલિકાના સીકયોરીટી સ્ટાફ, શહેર વિકાસ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખી ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરી વહીવટી ચાર્જ પેટે કુલ રૂા.૧,૨૫,૦૦૦/– મિલ્કતદાર / કબ્જેદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના મે.ડે.કમિશ્નરશ્રી(ડી) ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 615
તા.૧૦/૧૨/૨૦૧૮

# પ્રેસનોટ

**<u>રીઝર્વેશનવાળી મિલકતમાંથી ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી(દ.)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), ફા.પ્લોટ નં. આર–૧૭(રીઝર્વેશન ફોર ડ્રેનેજ પંપીગ સ્ટેશન એન્ડ વોટર ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર) માં આવેલ સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશનવાળી જગ્યામાં કેટલાક ઈસમો ધ્વારા ચણતરની દિવાલો ઉભી કરી પતરાના શેડવાળું બાંધકામ તથા આર.સી.સી. પ્લીન્થનું બાંધકામ કરી દીધેલ હોવાનું ધ્યાને આવતા, સદરહું ઈસમોને અત્રેથી તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ તેઓ ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૧૦/૧૨/૨૦૧૮ થી આશરે ૧૬૫૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પતરાના શેડવાળું બાંધકામ તેમજ ૩૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ પ્લીન્થ તથા ચણતરની દિવાલો સહિતનું ગેરકાયદેસર બાંધકામ પોલિસ બંદોબસ્ત મેળવી અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ ખાતે આયોજીત લગ્નગીત સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ માધ્યમિક વિભાગની લગ્નગીત સ્પર્ધા સવારે ૧૦.૦૦ કલાકે તથા ખુલ્લા વિભાગની લગ્નગીત સ્પર્ધાનું આયોજન બપોરે ૧.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ.સ. શાળા નં.૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ લગ્નગીત સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ માધ્યમિક શાળાઓના ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ તથા ખુલ્લા વિભાગમાં ૧૮ વર્ષથી ઉપરના ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **<u>પ્રવેશપત્રો તા.૧૮/૧૨/૨૦૧૮</u>** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

# પ્રેસનોટ

## (૧) રસ્તા/ફૂટપાથ પરથી દબાણ દૂર કર્યાની વિગત :–

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન (ઉધના) માં સમાવિષ્ટ વેલકમ પાન સેન્ટરથી વિજયાનગર શાક માર્કેટ સુધીના રસ્તા  તથા ફુટપાથ પર તેમજ જોગાણી માતાના મંદિરથી સાઉથ ઝોન દબાણ ડેપો સુધીના રસ્તા તથા ફુટપાથ પર કરવામાં આવેલ દબાણોના કારણે સફાઈની કામગીરીમાં વિક્ષેપ પડતો હોય, સાઉથ ઝોન(ઉધના)ના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રોડ વિભાગ ધ્વારા દબાણ દૂર કરવાની ઝૂંબેશના ભાગરૂપે ટ્રક–૨ નંગ, મઝદા ગાડી– ૨ નંગ, જે.સી.બી.–૨ નંગની મદદથી ટીમ બનાવી **આજ રોજ તા.૧૧/૧૨/૨૦૧૮** ના રોજ ઉપરોકત રસ્તા પર મિલકતદારો/દુકાનદારો ધ્વારા રોડ તથા ફૂટપાથ ઉપર કરેલ  દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવેલ છે તથા સદરહું રસ્તાની બંને તરફે ફુટપાથ રીપેરીંગ તથા સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ તથા નીચે મુજબનો માલ–સામાન જપ્ત કરવામાં આવેલ છે.

– **લારી –૧૭ નંગ**

– **સિમેન્ટની ગુણો–૧૯ નંગ**

– **ટાઈલ્સ/માર્બલ/ગ્રેનાઈટ– ૧૫૧ નંગ**

સદરહું કામગીરી દરમ્યાન કુલ ૩૫૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ફુટપાથ તથા રોડ પર કરવામાં આવેલ દબાણો દુર કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે તથા કુલ રૂા.૩૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૫(હરીપુરા), નોંધ નં.૧૦૪૫,૧૦૪૬ ના મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની મંજુરી લીધા વિના ભોંયતળિયા + ૦૧ માળનું ગેરકાયદેસરનું બાંધકામ શરૂ કરેલ. જે ગેરકાયદેસર બાંધકામ આજરોજ તા.૧૨/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતા ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી પ્રથમ માળનું આશરે ૨૧૦૦ ચો.ફુટ સેન્ટરીંગ/શટરીંગ દુર કરવામાં આવેલ. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૬૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

# <u>પ્રેસ નોટ</u>

**સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસૂલાત વિભાગ તથા વ્યવસાય વેરા વિભાગ, સેન્ટ્રલ ઝોન ધ્વારા બાકી મ્યુનિસિપલ વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૦૪/૧૨/૧૮ થી તા.૧૧/૧૨/૧૮ દરમિયાન હાથ ધરતાં બાકી મિલ્કતદારો પૈકી વોર્ડ નં–૧ થી વોર્ડ નં.૧૨ માં આવેલ વિસ્તારો નાનપુરા મેઈન રોડ, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, હરીપુરા, મહિધરપુરા, સ્ટેશન રોડ, સૈયદપુરા, નાણાવટ, શાહપોર માં આવેલ ૧૯ મિલ્કતો પૈકી ૧૨ મિલ્કતોને સીલ કરવામાં આવેલ તેમજ સદર વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂ.૩૦,૬૪,૦૦૦/– તથા વોટર મીટર પેટે રૂ.૩,૪૪,૨૮૦/– તથા વ્યવસાય વેરા વિભાગ ધ્વારા રૂ.૧૩,૮૫,૮૦૦/– નો EC/RC વ્યવસાય વેરો વસુલ કરવામાં આવેલ છે.**

## : પ્રે સ નો ટ :

# <u>મિલકતવેરાના બાકી માંગણા બાબતે</u>

## <u>બાકી વેરા વસુલાતની ઝુંબેશ કરી વેરો વસુલાત કરતું વરાછાઝોન</u>

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળનાં જુદા જુદા વિસ્તારમાં મોટા બાકીદારો વેરો ભરવામાં અખાડા કરતા તેઓને સમયાંતરે નોટીસો આપવામાં આવેલ. તેમછતાં પણ તેઓ તરફથી મિલકતવેરાના નાણાં ન ભરાતા આસી. મ્યુનિ. કમિશ્નરશ્રી (વરાછાઝોન) ના માર્ગદર્શન હેઠળ તા.૧૦.૧૨.૨૦૧૮ તેમજ તા.૧૧.૧૨.૨૦૧૮ નાં રોજ આકારણી વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગના સ્ટાફે ઝુંબેશ હાથ ધરી મિલકતને સીલ મારતા સ્થળ ઉપર જ વસુલાત કરવામાં આવેલ. જે પૈકી મિલકતવેરા પેટે કુલ રૂા. ૪૨.૨૬ લાખ તથા વ્યવસાયવેરા પેટે કુલ રૂા.૩૦.૯૪ લાખ વસુલાત કરવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ મિલકત વેરો બાકી પડે છે, તેવી મિલકતો સીલ કરી વસૂલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેથી બાકી કરદાતાઓને બાકી નીકળતો મિલકતવેરો તેમજ વ્યવસાયવેરો સમયસર ભરપાઈ કરવા આકારણી અને વસૂલાત વિભાગ તેમજ વ્યવસાયવેરા વિભાગ, વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

# પ્રેસ નોટ

મ્યુનિ. કમિશનરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ખટોદરા,ઉધના,પાંડેસરા,ઉન,બમરોલી,વડોદવિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરો ભરપાઇ નહી કરનાર મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેમાં, કુલ ૧૭૮ જેટલી મિલ્કતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૧૪૬ મિલ્કતોના મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા રૂ.૪૭,૫૮,૦૬૧/– જેટલી રકમની વસુલાત થયેલ. જયારે ૩૨ જેટલી મિલ્કતોને સીલ કરેલ.

## સીલ કરેલ મિલ્કતોની યાદી

| ક્રમ. | વિસ્તાર |
|---|---|
| ૧ | પ્લોટ નં.૨૩ ધરમનગર સોસાયટી માં આવેલ કુલ ૧૪ રૂમો તથા ઔધૌગીક ગાળા |
| ૨ | પ્લોટ નં.૧૦૮,૧૪૬,૧૪૭ ધરમનગર સોસાયટી ઉધના (કુલ –૩) |
| ૩ | પ્લોટ નં.૨૧,૨૨,દેવચંદ નગર ઉધના (કુલ–૨) |
| ૪ | પ્લોટ નં.એ–૨૦,૨૨,૨૩ ,ઉધના ઉધોગનગર સંઘ |
| ૫ | મેકિસકન પ્લાઝા દુકાન નં. એલ .જી .એ–૫,૯,ઉધના ઉધોગનગર સંઘ (કુલ–૨) |
| ૬ | પ્લોટ નં.૨૯૫ દુકાન નં.૧૩,૧૪ જી.આઈ.ડી.સી વડોદ (કુલ–૨) |
| ૭ | ન્યુ આર.સી .એલ ફલેટ નં.૫,જી.આઈ.ડી.સી પાંડેસરા |
| ૮ | પ્લોટ નં.૨૧૭/૧ પૈકી દુકાન,જપ્લોટ નં.૨૧૭/૧ પૈકી દુકાન.જી .આઈ.ડી.સી પાંડેસરા |
| ૯ | તુલસી સિન્ટેકસ,૧૨૩,૧૨૪,જી.આઈ.ડી.સી પાંડેસરા |
| ૧૦ | પ્લોટ નં.૪,પી.એમ.ઈન્ડ.,ઉન |
| ૧૧ | અનુકુલ નગર વિભાગ –૨, પ્લોટ નં.૭/૨૪ ,ઉન |
| ૧૨ | દુકાન નં.યુજીએ ૪,૫,૬,૭,૮,૯,૧૦ ,૧૧,૧૨ ,જી.બી.૯,જી.સી.૬,૭ જી.ડી.૬શ્લોકઆર્કેડ બમરોલી (કુલ–૧૩) |
| ૧૩ | પ્લોટ નં.૧૭૦,૧૭૧ જય જલારામ ઈન્ડ.,નવું બમરોલી |
| ૧૪ | દુકાન નં.ઈ –૩૧૨,ઉધના ઉધોગનગર કોમ્પલેક્ષ |

સાઉથઝોન(ઉધના)ના આકારણી અને વસુલાત ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં છેલ્લા ૧૫ દિવસમાં રૂપિયા ૩.૫૫ કરોડ વસુલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા.૧૧/૧૨/૨૦૧૮ સુધીમાં રૂપિયા કુલ ૧૬૩ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકી દારોએ તેઓના બાકી મિલ્કત વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૨/૧૨/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૦૪ નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં | સંસ્થાનુ નામ અને સરનામુ | નમુનાનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ઉમીયા ડેરી<br>પ્લોટ નં–૫૫, દુકા નં–૧, તાપી નગર હા. સોસા., કતારગામ, સુરત | માખણ (લુઝ)<br>સુર્યા–ગોલ્ડ વનસ્પતિ | ૨૫ કિલો માખણ (લુઝ) તથા સુર્યા–ગોલ્ડ વનસ્પતિ ના કંપની પેક ૧૫ કિલોના ૩૪ પતરાના ડબ્બા જપ્ત કરવામાં આવેલ છે અને સંસ્થા બંધ કરાવવામાં આવી. |
| ૨. | સાગર ડેરી એન્ડ સ્વીટ<br>કુબેર નગર, કતારગામ, સુરત | ઘી (લુઝ)<br>માખણ (લુઝ) | ૧૫ કિલોના એવા૧૨ ડબ્બા ઘી (લુઝ) ના તથા ૧ કિલો એવા ૪૮ ડબ્બા માખણ (લુઝ) જપ્ત કરવામાં આવેલ છે |

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧(નાણાવટ), નોંધ નં.૬૧૯,૬૨૦ તથા ૧૧૮૩/અ ના મિલ્કતદારો નયનાબેન પટેલ તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકા હસ્તક કોઈપણ પ્રકારની મંજુરી લીધા વિના બેઝમેન્ટ + ભોંયતળિયા + ૦૫ માળનું ગેરકાયદેસરનું બાંધકામ શરૂ કરેલ. જે ગેરકાયદેસર બાંધકામ આજરોજ તા.૧૩/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતા ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી આશરે ૧૭૦૦ ચો.ફુટ બીમ/સ્લેબ, ૭૦૦ ચો.ફુટ ચણતર તેમજ ૫૦૦ ચો.ફુટ સેન્ટરીંગ/શટરીંગ દુર કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે સદર મિલ્કતમાં અગાઉ તા.૨૯/૦૮/૧૮ ના રોજ પણ ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ. ત્યારબાદ મિલ્કતદાર ધ્વારા ફરી સુરત મહાનગરપાલિકાની મંજુરી વિના બાંધકામ ચાલુ રાખવામાં આવતા આજરોજ ફરી ડિમોલીશન કરવામાં આવ્યુ છે.

આવનાર દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવાની કામગીરી ઘનિષ્ટરૂપે ચાલુ રહેશે.

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪ (બેગમપુરા), નોંધ નં.૩૨૬૪, ઈન્દરપુરા ખત્રીવાડ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુઘ્ધ તા.૧૪/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે કુલ ૧૧૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી. સ્લેબ/બીમ દુર કરવામાં આવેલ છે. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૧,૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. અંતર્ગત કુલ ૧૦ રૂટ તથા સીટીબસ અંતર્ગત કુલ ૩૨ રૂટ કાર્યરત છે. જેમાં દૈનિક આશરે સરેરાશ ૨ લાખથી વધુ મુસાફરો જાહેર પરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

જાહેર પરિવહન સેવા અંતર્ગત સીટીબસમાં હાલમાં કાર્યરત રૂટ નં. ૪૦૩ જે સરથાણા નેચર પાર્ક થી અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક સુધી કાર્યરત છે, આ રૂટમાં મુખ્યત્વે લિંબાયત વિસ્તારના મુસાફરો વધુ મુસાફરી કરતા હોય તેઓને લિંબાયત સુધી પહોંચવા માટે બસો બદલવાની અગવડતા પડતી હોય સદરહુ બાબત ધ્યાનમાં રાખી રૂટ નં. ૪૦૩ ને તા. ૧૫/૧૨/૨૦૧૮ ના રોજથી લિંબાયત નિલગીરી સર્કલ સુધી લંબાવવામાં આવેલ છે, સદરહુ રૂટ ઉપર બંને તરફથી ૧૨ મિનિટની ફ્રિકવન્સીથી બસો ચલાવવામાં આવશે. હવેથી રૂટ નં. ૪૦૩ સરથાણા નેચર પાર્ક થી વાયા નાના-વરાછા વારીગૃહ, મહાવીર ચોક, યોગી ચોક, પૂણા ગામ, સીતા નગર, અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક, પર્વત પાટિયા, મોડેલ ટાઉન, પર્વતગામ, સંજય નગર સર્કલ, SMC વૉર્ડ ઓફિસ થઇ નીલગીરી સર્કલ લિંબાયત સુધી લંબાવવામાં આવેલ છે.

આમ, સીટીબસના રૂટ નં. ૪૦૩ કે જે અગાઉ સરથાણા નેચર પાર્ક થી અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક સુધી કાર્યરત હતો તે રૂટને જાહેર જનતાની સગવડતા ખાતર તા. ૧૫/૧૨/૨૦૧૮ નાં રોજથી નીલગીરી સર્કલ લિંબાયત સુધી લંબાવવામાં આવેલ છે જેની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

# <u>પ્રેસનોટ</u>

**<u>રીર્ઝવેશનવાળી મિલકતમાંથી ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી(દ.)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી), ફા.પ્લોટ નં. આર–૨૦૧(સેલ ફોર કોમર્શીયલ) માં આવેલ સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટમાં આવેલ કાચા પાકા ઝુપડાઓ,પતરાના સેડ તથા લારીઓનું આશરે ૧૨,૦૦૦ ચો.મી.નું દબાણ દૂર કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

## સેન્ટ્રલ ઝોન
## સુરત મહાનગરપાલિકા

**<u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબનું મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૩, નોંધ નં.૨૩૯૩/૧–૨ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૧૫/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાર્કીગવાળા ભાગમાં બનાવેલ દુકાનોનાં શટરો દુર કરી આશરે કુલ ૨૯૫ ચો.ફુટ પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ તેમજ પાંચમાં માળે આશરે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ દુર કરવામાં આવ્યો.

(૨) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૦૩, નોંધ નં.૧૦૯૧,૧૦૯૨,૧૦૯૩ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૧૫/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાર્કીગવાળા ભાગમાં બનાવેલ દુકાનોનાં શટરો દુર કરી આશરે કુલ ૧૫૦૦ ચો.ફુટ પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ.

(૩) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૦૩, નોંધ નં.૧૪૯૧ વાળી મિલ્કતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકા મંજુર કરાયેલ પ્લાનો વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૧૫/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે કુલ ૫૦૦ ચો.ફુટ સેન્ટરીંગ/શટરીંગ દુર કરવામાં આવેલ છે.

# —:: પ્રેસનોટ ::—

**સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા સુરત શહેરનાં વિવિધ વિસ્તારમાં આવેલ ટ્યુશન કલાસીસ / કોચીગ કલાસીસોમાં અપુરતી ફાયર ફાઈટીગ સીસ્ટમ હોવાનું જણાયેલ જેથી જાહેર સલામતીને ધ્યાને લેતા સદર કલાસીસોમાં સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.**

ફાયર અને ઈમરજન્સી વિભાગનાં વિભાગીય વડાશ્રી ડે.કમિશ્નરશ્રીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત શહેરમાં આવેલ રાંદેર ઝોન વિસ્તાર તેમજ અઠવાઝોન વિસ્તારમાં અપુરતી ફાયર ફાઈટીગ સીસ્ટમ જણાયેલ નીચે મુજબનાં ટ્યુશન / કોચીગ કલાસીસમાં તા. ૧૮/૧૨/૨૦૧૮નાં રોજ ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ધ્વારા સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(૧) નારાયણ એકેડમી, સુર્યકિરણ એપાર્ટમેન્ટ, ઘોડદોડરોડ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની બાજુમાં, સુરત.
(૨) ધ કવાર્ક, ૨૦૨–૨૦૫, ધર્મેશ એપાર્ટમેન્ટ, નર્મદ લાઈબ્રેરી સામે, હજીરા રોડ, સુરત
(૩) બીટા આઈઆઈટી /નીટ એકેડમી, પ્રથમ માળ, ટાઈટેનિયમ સ્કેવર, અડાજણ ચાર રસ્તા, હજીરા રોડ, સુરત
(૪) દેવ કલાસીસ, જી–૩૪ એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, અડાજણ, સુરત
(૫) ઝીરકોન લર્નિગ સેન્ટર, ૨૦૬, ટ્રીનીટી બિઝનેશ પાર્ક, ટીજીબી રોડ, અડાજણ, મધુવન સર્કલની સામે, સુરત
(૬) બ્રેઈન ચાઈલ્ડ લર્નિગ, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, અડાજણ, સુરત
(૭) અલોહા, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ,અડાજણ, સુરત

ઉપરોકત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લેતા હાથ ધરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.....629......
તા.૧૮/૧૨/૨૦૧૮

તા. ૧૮/૧૨/૨૦૧૮ ના રોજ સુરત મહાનગર પાલિકા ના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા સીલ કરવામાં આવેલ ટ્યુશન કલાસીસ ના ફોટોગ્રાફસ






## :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ  ખાતે આયોજીત લગ્નગીત સ્પર્ધામાં ઉપસ્થિત રહેવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ માધ્યમિક વિભાગની લગ્નગીત સ્પર્ધા સવારે ૧૦.૦૦ કલાકે તથા ખુલ્લા વિભાગની લગ્નગીત સ્પર્ધાનું આયોજન બપોરે ૧.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિ.સ. શાળા નં.૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સંગીતપ્રેમી નગરજનોને લગ્નગીત માંણવા સાથે સંગીતવૃંદને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને  વિના મૂલ્યે નિમંત્રણ છે.

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબનું મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૭૬૬ ના મિલ્કતદારો મોહમંદ ઈસ્માઈલ શફીભાઈ મેમણ તથા અન્યો ધ્વારા બેઝમેન્ટ + ભોંયતળિયા + ૦૫ માળ વાળી મિલ્કતમાં છઠ્ઠા માળે મંજુર પ્લાન વિરુધ્ધ આજરોજ તા.૧૮/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતા ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી આશરે ૬૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ દુર કરવામાં આવેલ. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૭૬૭ ના મિલ્કતદાર નિતીનકુમાર રમેશચંદ્ર નાણાવટી ધ્વારા બેઝમેન્ટ + ભોંયતળિયા + ૦૫ માળ વાળી મિલ્કતમાં છઠ્ઠા માળે મંજુર પ્લાન વિરુધ્ધ આજરોજ તા.૧૮/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતા ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી આર.સી.સી. સ્લેબ ભરવાના ઈરાદે કરેલ આશરે ૧૧૦૦ ચો.ફુટ શટરીંગ દુર કરવામાં આવેલ. સદર ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૪૨૮/અ,૧૪૨૮/બ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રીમતી ફહીમા જાવેદ કાજી ધ્વારા સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૧૮/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાર્કીગવાળા ભાગમાં બનાવેલ દુકાનોનાં શટરો નંગ–૦૫ (પાંચ) દુર કરી આશરે કુલ ૫૦૦ ચો.ફુટ પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ.

(૪) સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૬૫૧/૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર આબીદ લિયાકત કાજી તથા અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરવામાં આવતાં આજે તા.૧૮/૧૨/૧૮ ના રોજ શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતાનાં સ્ટાફ ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયુરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાર્કીગવાળા ભાગમાં બનાવેલ દુકાનોનાં શટરો નંગ–૦૪ (ચાર) દુર કરી આશરે કુલ ૪૫૦ ચો.ફુટ પાર્કિંગ ખુલ્લુ કરવામાં આવેલ.

સદર બાંધકામોમાં અગાઉ પણ ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. તેમ છતા મિલ્કતદારો ધ્વારા ફરીથી બાંધકામ કરતા અત્રેથી આજરોજ ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આવનાર દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવાની કામગીરી ઘનિષ્ટરૂપે ચાલુ રહેશે.

# —:: પ્રેસનોટ ::—

તા.૧૮–૧૨–૨૦૧૮નાં રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૯ | ૧૬ | ૧૬ | ૧૬ | ૩૨૦૦ |
| વરાછા | ૧૧૭ | ૧૦૦ | ૫૯ | ૫૯ | ૧૧૮૦૦ |
| રાંદેર | ૫૮ | ૨૬ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| કતારગામ | ૫૧ | ૭૩ | ૨૬ | ૨૬ | ૫૨૦૦ |
| ઉધના | ૭૨ | ૩૫ | ૧૪ | ૧૪ | ૨૮૦૦ |
| લિંબાયત | ૩૬ | ૪૯ | ૨૧ | ૧૮ | ૩૬૦૦ |
| અઠવા | ૮૧ | ૩૨ | ૧૨ | ૧૨ | ૨૪૦૦ |
| કુલ | ૪૪૪ | ૩૩૧ | ૧૬૬ | ૧૬૩ | ૩૨૬૦૦ |

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારના કતારગામ ઝોનમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૯/૧૨/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા બેકરી પ્રોડકટ બનાવતી સંસ્થાઓની સ્થળ તપાસ કરી સંસ્થામાંથી નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે, તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયે લાયસન્સ ન ધરાવતી સંસ્થાઓને કુલ–૦૮ નોટીસ આપવામાં આવેલ છે તથા કુલ–૦૨ બંધ કરાવવામાં આવી, આશરે ૧૧૦ કિલો રવો, મેંદો તથા મેંદાનો લોટ, બિસ્કીટ અને ફરસાણ જેવા અખાધ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં | સંસ્થાનુ નામ અને સરનામુ | વિગત |
|---|---|---|
| ૧. | ન્યુ અનમોલ બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |
| ૨. | સુપર સ્ટાર બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | બંધ કરાવી |
| ૩. | અલ અકશા બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |
| ૪. | ન્યુ એમ્પાયર બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |
| ૫. | ગુલશન બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |
| ૬. | સિલ્વર બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |
| ૭. | ન્યુ નદીન બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |
| ૮. | કાકા બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | બંધ કરાવી |
| ૯. | જી બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |
| ૧૦. | ન્યુ તલહા બેકરી<br>ફુલવાડી, ભરીમાતા રોડ, સુરત | નોટીસ આપી |

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૪ (બેગમપુરા), નોંધ નં.૧૭૬૭,૧૭૬૮,૧૭૬૯/એ, ૧૭૬૯/બી વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ તા.૨૦/૧૨/૧૮ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૮૬૦ ચો.ફુટ પતરાનો શેડ તથા ૬૦૦ ચો.ફુટ ચણતર કામ દુર કરવામાં આવેલ છે.

**:: પ્રેસનોટ ::**

## સુરત મહાનગરપાલિકા આયોજીત લગ્નગીત સ્પર્ધા

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, વરાછા ખાતે તા.૨૦/૧૨/૨૦૧૮ના રોજ યોજાયેલ માધ્યમિક અને ખુલ્લા વિભાગની લગ્નગીત સ્પર્ધાનું પરિણામ**

સુરત મહાનગરપાલિકા દ્વારા લોક સંસ્કૃતિનો વારસો જળવાઈ રહે તથા તેનું યથાયોગ્ય સિંચન થતું રહે તે આશયથી તા.૨૦/૧૨/૨૦૧૮ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માધ્યમિક વિભાગ અને બપોરે ૧.૦૦ કલાકે ખુલ્લા વિભાગની લગ્નગીત સ્પર્ધાનું આયોજન સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શા.નં.૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો શુભારંભ સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, અન્ય મહાનુભાવો તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં બંને વિભાગ મળી કુલ ૧૪ શાળા/સંસ્થાઓના ૧૩૦થી પણ વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ તથા ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. જેનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
|---|---|---|
| | શાળાનું નામ | શાળા / સંસ્થાનું નામ |
| **પ્રથમ** | કર્મવીર સાકળચંદ કાળીદાસ પટેલ વિદ્યાલય | સપ્તધ્વનિ સંગીત વર્ગ એન્ડ કલાવૃંદ |
| **દ્વિતીય** | પી. પી. સવાણી વિદ્યાભવન | આરોહી મ્યુઝીક એકેડમી |
| **તૃતીય** | જે. બી. એન્ડ કાર્પ વિદ્યાસંકુલ | પી. પી. સવાણી વિદ્યાભવન–શિક્ષકવૃંદ |
| **આશ્વાસન** | સુમન હાઈસ્કુલ નં.૩, કતારગામ | કૌશલ વિદ્યાભવન–શિક્ષકવૃંદ |
| | | કલ્યાણી મહિલા મંડળ |

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપન્ટ ગીફ્ટ આપવામાં આવી હતી. જયારે વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, અન્ય મહાનુભાવો તથા નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે વિજેતા પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ લગ્નગીત સ્પર્ધાના સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ, વિવિધ ચેનલના પ્રતિનિધિઓ, ફોટોગ્રાફરો, કલાપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




સુરત મહાનગરપાલિકા
આયોજીત
લગ્નગીત સ્પર્ધા


સુરત મહાનગરપાલિકા




સુરત મહાનગરપાલિકા
આયોજિત














સુરત મહાનગરપાલિકા
આયોજીત

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૦/૧૨/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા પોંક તથા પોંકની બનાવટ કરતી સંસ્થાઓની સ્થળ તપાસ કરી સંસ્થામાંથી કુલ–૧૭ નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં | સંસ્થાનુ નામ અને સરનામુ | લીધેલ નમુનાનું નામ |
|---|---|---|
| ૧. | સાંઈ આનંદ પોંક વડા સ્ટોલ<br>નવી પોંક નગરી, અડાજણ, સુરત | પોંક વડા |
| ૨. | દતાત્રેય પોંક વડા સ્ટોલ<br>નવી પોંક નગરી, અડાજણ, સુરત | સેવ |
| ૩. | પારેખ પોંક સ્ટોલ<br>નવી પોંક નગરી, અડાજણ, સુરત | પોંક |
| ૪. | દારૂવાલા પોંકવડા સ્ટોલ<br>નવી પોંક નગરી, અડાજણ, સુરત | સેવ<br>પોંક વડા |
| ૫. | જય અંબે પોંક વડા સ્ટોલ<br>નવી પોંક નગરી, અડાજણ, સુરત | પોંક |
| ૬. | સત્કાર પોંકવડા સ્ટોલ<br>નવી પોંક નગરી, અડાજણ, સુરત | પોંક વડા<br>સેવ |
| ૭. | પટેલ પોંક સ્ટોલ<br>નવી પોંક નગરી, અડાજણ, સુરત | પોંક |
| ૮. | જય અંબે પોંક વડા સ્ટોલ<br>ઘોડ દોડ રોડ, સુરત | સાદી સેવ<br>પોંક |
| ૯. | દતાત્રેય પોંક વડા સ્ટોલ<br>ઘોડ દોડ રોડ, સુરત | સાદી સેવ<br>પોંક |
| ૧૦. | સાંઈનાથ પોંક વડા સ્ટોલ<br>ઘોડ દોડ રોડ, સુરત | પોંકની પેટીસ<br>લીંબુ મરીની સેવ |
| ૧૧. | શ્રી રામ પોંકવડા સ્ટોલ<br>ઘોડ દોડ રોડ, સુરત | પોંક<br>પોંક વડા |

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**ગલેમંડી (લકકડકોટ) કોમ્યુનીટી હોલ, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૨૦/૧૨/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન ગલેમંડી (લક્કડકોટ) કોમ્યુનીટી હોલ, સુથાર ફળિયું, ગલેમંડી પોલીસ ચોકીની બાજુમાં, સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા મા.ડે. મેયરશ્રી નિરવભાઈ શાહે જણાવ્યુ હતુ કે સરકારશ્રી દ્વારા સેવાસેતુ વધુને વધુ સેવાલક્ષી બને તે માટે પ્રયાસો કરવામાં આવેલ છે. સેવાસેતુ કાર્યક્રમ થકી કેન્દ્ર સરકાર, રાજય સરકાર તેમજ સુરત મહાનગરપાલિકાની વિવિધ સેવાઓનો લાભ તમામ જરૂરીયાતમંદ વ્યકિતઓ સુધી સરળતાથી તેમજ કોઈપણ જાતના ભેદભાવ વગર એકજ દિવસમાં પહોંચે તે રીતે સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. ડે. મેયરશ્રીએ સરકારશ્રીની સેવાના મહત્વ અંગે જણાવ્યુ હતુ કે સેવાસેતુ કાર્યક્રમમાં અનેક લોકોને સેવાઓનો સીધો લાભ થોડી જ કલાકોમાં પ્રાપ્ત થાય છે. આજના ઝડપી સમયમાં ઉભી થતી અનેક મૂશ્કેલીઓનો સામનો કરવામાં મા કાર્ડ જેવી સરકારશ્રીની સેવા એક ગરીબ પરીવારને બીમારી સામે લડવા મનોબળ કેવી રીતે પુરૂ પાડે છે તેના વિવિધ દ્રષ્ટાંતો આપી સેવાસેતુના મહત્વ અંગે જણાવ્યુ હતુ. સેવાસેતુ કાર્યક્રમ થકી વિવિધ એકજ દિવસમાં સેવા પુરી પાડી લોકોના સમય અને ખર્ચમાં બચત થાય છે. આજના સેવાસેતુ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન પૂર્વ ડે. મેયર અને મ્યુ. સદસ્યશ્રી શંકરલાલ ચેવલી તથા તથા આભારવિધી મ્યુ. સદસ્યશ્રી કુ. નેન્સી સુમરાએ કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સુરત ઉતર વિધાનસભાના ધારાસભ્યશ્રી કાંતીભાઈ બલર, મા. દંડકશ્રી શાસકપક્ષ શ્રીમતી દક્ષાબેન જરીવાલા, નેતાશ્રી, શાસકપક્ષ શ્રી ગીરજાશંકર મીશ્રા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **1355** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.


સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા



# સુરત મહાનગરપાલિકા

## પશ્ચિમ ઝોન(રાંદેર)

## <u>પ્રેસનોટ</u>

સુ.મ.પા.ના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૮ (પાલનપોર) માં સાંઈતીર્થ ચાર રસ્તા પાસે આવેલ "**બાગબાન પાર્ટીપ્લોટના આયોજકો**" ધ્વારા ટી.પી.રસ્તા પરની સુ.મ.પા.ની પાણીની લાઈનમાંથી ગેરકાયદેસર રીતે લેવામાં આવેલ ૧" નું પાણીનું જોડાણ, તા.૦૮/૧૨/૨૦૧૮ ના રોજ પશ્ચિમ ઝોનના પાણી વિભાગના સ્ટાફ ધ્વારા દુર કરવામાં આવેલ. સદર કામગીરી અંગે ગે.કા. પાણીનું જોડાણ લેનાર પાર્ટીપ્લોટના આયોજકોને નોટીસ આપી રૂા.૫૦,૦૦૦/– (પચાસ હજાર) ઈજનેરી વહીવટી ચાર્જ/દંડ તરીકે તા.૧૯/૧૨/૨૦૧૮ ના રોજ પશ્ચિમ ઝોન કચેરી ખાતે જમા લેવામાં આવેલ છે. હવે પછી પણ ગે.કા. રીતે પાણીના જોડાણો કરનારા ઈસમો વિરૂધ્ધ આજ પ્રમાણે શિક્ષાત્મક કાર્યવાહી પ્રગતિમાં રહેશે.

# —:: પ્રેસનોટ ::—

**સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ઘ્વારા સુરત શહેરનાં વિવિઘ વિસ્તારમાં આવેલ કોર્મશીઅલ મોલ તેમજ ટયુશન કલાસીસોમાં અપુરતી ફાયર ફાઈટીંગ સીસ્ટમ હોવાનું જણાયેલ જેથી જાહેર સલામતીને ઘ્યાને લેતા સદર કલાસીસોમાં સીલ મારવાની કાર્યવાહી હાથ ઘરવામાં આવેલ છે. અને મોલને નોટીસો આપવામાં આવેલ છે.**

ફાયર અને ઈમરજન્સી વિભાગનાં વિભાગીય વડાશ્રી ડે.કમિશ્નરશ્રીની સીઘી સુચના અને માર્ગદર્શન હેઠળ સુરત શહેરમાં આવેલ વિસ્તારોમાં તા.૨૦/૧૨/૨૦૧૮ થી તા.૨૧ /૧૨/૨૦૧૮ દરમ્યાન ઘનિષ્ટ ચેકીંગ કરતા નીમ્નલિખિત મોલ અને ટયુશન કલાસીસોમાં અપુરતી ફાયર ફાઈટીંગ સીસ્ટમ જણાયેલ.

જે અનુસંઘાને ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ ઘ્વારા **ટયુશન કલાસીસોમાં સીલ મારવાની કાર્યવાહી હાથ ઘરવામાં આવેલ.**

(૧) ફ્રેન્ડસ ગ્રુપ ટયુશન, કમલેશ્વર એપાર્ટમેન્ટ, લોઅર ગ્રાઉન્ડ ફલોર, આગાનો વડ,
સૈયદપુરા,સુરત.
(૨) ડેવલોપ ટયુશન કલીસીસ, બી—૪ વૈકુંઠ એપા. રાઘાકૃષ્ણ મંદિર પાસે,
રામપુરા,સુરત

**વઘુમાં નિમ્નલિખિત કોર્મશીઅલ મોલને નોટીસો આપવામાં આવેલ.**

(૧) ઈન્ફીનીટી બિઝ હબ, અલથાણ—ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત
(૨) ટાયટેનીયમ બિઝનેસ હબ, અલથાણ— ભીમરાડ, અલથાણ, સુરત
(૩) ચૈતન્ય વાટીકા, અલથાણ—ભીમરાડ , અલથાણ, સુરત
(૪) સોહમ ક્રિસ્ટ, અલથાણ—ભીમરાડ , અલથાણ, સુરત
(૫) બ્લયુ આર્ક, અલથાણ ગાર્ડન સામે, અલથાણ, સુરત
(૬) રાજ હંસ ઓલમ્પિયા, ભટાર રોડ, આકાશ વાણી પાસે, સુરત

ઉપરોકત કાર્યવાહી જાહેર સલામતીને ઘ્યાને લેતા હાથ ઘરવામાં આવેલ.

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી. વિભાગ

## <u>અખબારી યાદી</u>

**વરાછા ઝોન ઓફીસ સૈફી સોસાયટીની બાજૂમાં,લંબે હનુમાન રોડ,વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન* વરાછા ઝોન ઓફીસ સૈફી સોસાયટીની બાજૂમાં,લંબે હનુમાન** રોડ,વરાછા,સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા આજના સમારંભ અધ્યક્ષશ્રી મા.ડે. મેયરશ્રી નિરવભાઈ શાહે જણાવ્યુ હતુ કે સરકારશ્રી દ્વારા સેવાસેતુ વધુને વધુ સેવાલક્ષી બને તે માટે પ્રયાસો કરવામાં આવેલ છે. સેવાસેતુ કાર્યક્રમ થકી કેન્દ્ર સરકાર, રાજય સરકાર તેમજ સુરત મહાનગરપાલિકાની વિવિધ સેવાઓનો લાભ તમામ જરૂરીયાતમંદ વ્યકિતઓ સુધી સરળતાથી તેમજ કોઈપણ જાતના ભેદભાવ વગર એકજ દિવસમાં પહોંચે તે રીતે સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. શાશક પક્ષના નેતાશ્રી ગીરીશંકર મિશ્રાએ સરકારશ્રીની સેવાના મહત્વ અંગે જણાવ્યુ હતુ કે સેવાસેતુ એટલે સરકાર અને લોકો વચ્ચે જોડનાર એક બ્રિજ છે.હાલના સમયમાં લોકોને પોતના સરકારી કાર્યો માટે અલગ–અલગ જગ્યાએ જવુ ન પડે અને વધારે મૂશ્કેલીઓ ના પડે અને તમામ યોજનાના લાભ એક જ સ્થળે સરળ રીતે પ્રાપ્ત થાય એ પ્રકારની વ્યવસ્થા આ સેવાસેતુ કાર્યક્રમમાં કરવામાં આવે છે. આજના સેવાસેતુ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ તથા આભારવિધી મ્યુ.સદસ્યશ્રી ભવાનસિંગ સિસારાએ કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં સુરત ઉતર વિધાનસભાના ધારાસભ્યશ્રી કાંતીભાઈ બલર, શ્રી વિનુભાઈ ઝાલાવડીયા,શ્રી પ્રવિણભાઈ ધોઘારી મા. દંડકશ્રી શાસકપક્ષ શ્રીમતી દક્ષાબેન જરીવાલા, નેતાશ્રી, શાસકપક્ષ શ્રી ગીરજાશંકર મીશ્રા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિવિધ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓ તથા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **3262** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૬૪૦,તા.૨૧/૧૨/૨૦૧૮







# **પ્રેસનોટ**

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **મોજે.ઉધના, રે.સ.નં. ૧૫૧ પૈકી, મોજે.ભેદવાડ, રે.સ.નં. ૧, મોજે. ડીંડોલી, રે.સ.નં. ૩૪૬ થી ૩૪૯ સબ પ્લોટ નં. બી, લક્ષ્મીનારાયણ ઈન્ડ. એસ્ટેટ, બી.આર.સી. કંમ્પાઉન્ડ, ઉધના, સુરતવાળી** મિલકતમાં ટી.ડી.ઓ./ડી.પી./૪૧૦, તા.૨૨/૧૨/૨૦૧૨ થી મેળવેલ વિકાસ પરવાનગી વિરૂધ્ધ બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવેલ, જેથી સદરહું મિલકતદારોને અત્રેથી મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૮ થી સાઉથ ઝોન(ઉધના)ના ડે.ઈજનેરશ્રી– ૦૩, આસી./જુ.ઈજનેર/આસી.ટાઉન પ્લાનરશ્રી–૧૧, ટેક.આસી/ સુપરવાઈઝર/અન્ય સ્ટાફ– ૧૭, દબાણ વિભાગનો સ્ટાફ– ૧૨, સુરત મહાનગરપાલીકા સિકયોરીટી સ્ટાફ– ૬૩ તથા કોન્ટ્રાકટ એજન્સીનો સ્ટાફ– ૨૦૧ મળી **કુલ સ્ટાફ**– ૩૦૭ થી **કુલ– ૪૫ પ્લોટોમાં આશરે ૧૯,૨૫૦.૦૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધનું આર.સી.સી. બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૩૩,૦૦,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

## "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી ગોપી તળાવ ખાતે યોજાનાર "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો.

સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી નવપલ્લવિત ગોપી તળાવ, કોટસફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા માટે યોજાનાર આ "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮"નો શુભારંભ તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ સાંજે ૭.૦૦ કલાકે સુરત શહેરની કલા પ્રેમી જનતાની ઉપસ્થિતિમાં યોજાશે. શહેરની શાળા / સંસ્થાઓના બાળકો / કલાકારોને પ્રોત્સાહન મળે અને નગરજનોને વૈવિધ્યપૂર્ણ મનોરંજન મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધી ગોપી તળાવ ખાતે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ / વાર | વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૬/૧૨/૨૦૧૮ બુધવાર | ઉદ્‌ઘાટન વિધિ, તાલ ગૃપ સંસ્થા અને શાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૦૦ કલાકે |
| ૨ | ૨૭/૧૨/૨૦૧૮ ગુરૂવાર | નૃત્યમ ભરતનાટ્યમ ડાન્સ એકેડમી–શ્રી ધ્વનિબેન ઉપાધ્યાય અને નર્તકી ડાન્સ ગૃપ–શ્રી સેજલબેન ખાંડવાલાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૩ | ૨૮/૧૨/૨૦૧૮ શુક્રવાર | કર્મસુ આર્ટ સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૪ | ૨૯/૧૨/૨૦૧૮ શનિવાર | દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રા | સાંજે ૭.૩૦ કલાકે |
| ૫ | ૩૦/૧૨/૨૦૧૮ રવિવાર | હારમોનીકા કલબનો હારમોનીકા પર મેલોડી અને ફ્લ્યુટ ફ્યુઝન તથા શ્રી વૃષ્ટિ શાહના સથવારે ગીતોનો ગુલદસ્તો | સાંજે ૭.૩૦ કલાકે |
| ૬ | ૩૧/૧૨/૨૦૧૮ સોમવાર | છત્તીસગઢ અને ઝારખંડના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને નૃત્યમ નર્તન અકાદમી સંસ્થાનો ગુજરાતની ગાથા | સાંજે ૭.૩૦ કલાકે |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬મી ડિસેમ્બરથી સતત છ દિવસ સુધી "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮" અંતર્ગત નગરજનોના મનોરંજન માટે શહેરની મધ્ય ભાગમાં જ સાકાર થયેલા ગોપીતળાવ ખાતે ચાલનારા વૈવિધ્યપૂર્ણ સંગીતના સથવારે ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવના અનન્ય નઝારાને માંણવા ટીકીટ મેળવી પ્રવેશ મેળવી શકાશે.

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા,સુરત.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નોર્થઝોન(કતારગામ) પારસ વોર્ડ વિસ્તારના કાર્યક્ષેત્રમાં આવેલ પારસ શાક માર્કેટ પાસે આવેલ નીતા પ્લાસ્ટીકની દુકાન આવેલ છે. સદર સંસ્થામાં તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ નાયબ આરોગ્ય અધિકારી , મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક હાજર રહી ટીમ ધ્વારા સ્થળ તપાસ કરતા પ્રતિબંધિત પ્લાસ્ટીક સંગ્રહ કરેલ માલમ પડેલ જેમાં કુલ ૫૨ કિ.ગ્રામાં જથ્થો જપ્ત કરવામા આવેલ છે. તથા વહીવટી ખર્ચ રૂા. ૨૦,૦૦૦/– (વીસ હજાર રૂપીયા પુરા ) વસુલ કરવામા આવેલ છે. તેમજ જેરામમોરાની વાડી વિસ્તારમાં સવારની સ્કોવોર્ડ દ્વારા ચાહ ની દુકાન ચેક કરતા પ્રતિબંધિત ચાહ ના કપ નંગ ૫૦૦ જપ્ત કરવામાં આવેલ છે. તથા ૧૦,૦૦૦/– (દસ હજાર રૂપીયા પુરા) વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. આમ, કુલ ૫૨ કિલો પ્લાસ્ટીક અને ૫૦૦ ચાહના કપ જપ્ત કરવામાં આવેલ છે તથા કુલે ૩૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. સંસ્થા પાસે પ્રતિબંધિત પ્લાસ્ટીક ન રાખવા બાહેધરી આપેલ છે. પ્લાસ્ટીક ધારકોને પ્રતિબંધિત પ્લાસ્ટીક ન રાખવા તેમજ સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**<u>પ્રેસનોટ</u>**

**સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), BRTS કેનલ રોડ પર આવેલ અનઅધિકૃત ટ્રાન્સપોર્ટ ગોડાઉનને સીલ મારવાની કામગીરીની વિગત.**

સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૨૪/૧૨/૨૦૧૮ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા) BRTS કેનલ રોડ પર આવેલ અનઅધિકૃત ટ્રાન્સપોર્ટ ગોડાઉનને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ કુલ–૩૦ જેટલા ગોડાઉનને સીલ કરવામાં આવેલ છે. સદર કામગીરી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન, સુરત મહાનગરપાલિકાના સીક્યોરીટી સ્ટાફ, શહેર વિકાસ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના મે.ડે.કમિશનરશ્રી(ડી) ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૬૪૪
તા.૨૪/૧૨/૨૦૧૮

## –:: પ્રેસનોટ ::–

સુરત મહાનગરપાલિકાનાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા જાહેર સલામતીને ધ્યાને લેતા ફાયર અને ઈમરજન્સી વિભાગનાં વિભાગીય વડા મે. ડે.કમિશ્નરશ્રી (ડી.) ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

(૧) સુરત શહેરનાં વિવિધ વિસ્તારમાં આવેલ ટ્યુશન ક્લાસીસોમાં અપુરતી ફાયર ફાઈટીગ સીસ્ટમ હોવાનું જણાતા જાહેર સલામતીને ધ્યાને લઈ તા.૨૬/૧૨/૨૦૧૮ નાં રોજ નીમ્નલિખિત ટ્યુશન ક્લાસીસોમાં સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

(ક) ફ્રેન્ડસ ક્લાસીસ, ૨૦૩, સુમેળ ફ્લેટ, રાંદેર રોડ, સુરત.
(ખ) પ્લસ ક્લાસીસ, ૨૦, પાર્વતી નગર –૦૨, બાપા સીતારામ ચોક, કતારગામ, સુરત

(૨) વધુમાં સુરત મહાનગરપાલિકા હસ્તકનાં ડ્રેનેજ વિભાગ તેમજ વોટર વર્કસ ડીપાર્મેન્ટનાં સુપરવાઈઝર, સફાઈ કામદાર, બેલદાર જેવા ૨૫૦ કર્મચારીઓને અડાજણ ફાયર સ્ટેશન ખાતે અને હાઈડ્રોલિક વિભાગ તેમજ ડ્રેનેજ વિભાગનાં ૧૦૦ જેટલા કર્મચારીઓને ભેસાણ રોડ ખાતે આવેલ ભેસાણ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ગટર લાઈન (સીવર) માં ફસાયેલ વ્યકિતને કઈ રીતે રેસ્કયુ કરવું , બચાવ વખતે કઈ– કઈ તકેદારી રાખવી, રોપ રેસ્કયુનો ઉપયોગ કઈ રીતે કરવો, બ્રીથીગ એપ્રેટર્સ સેટ (બી.એ.સેટ) નો ઉપયોગ કઈ રીતે કરવો તેમજ આગ લાગ્યાનાં પ્રાથમિક સ્ટેજમાં પ્રિમાઈસીસમાં ઉપલબ્ધ વિવિધ એક્ષ્ટીગ્યુશરનો ઉપયોગ કરીને તરતજ આગ કઈ રીતે બુઝવવી અને આગ લાગેલ પ્રિમાસીસમાં ફસાયેલ વ્યકિતઓને બહાર કાઢવાની તાલીમ આપવામાં આવેલ.

ઉપરોકત કાર્યવાહી જાહેર સલામતીને ધ્યાને લેતા હાથ ધરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં......૬૪૫............
તા.૨૬/૧૨/૨૦૧૮

## :: પ્રેસનોટ ::

## "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮નો શુભારંભ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન યોજાનાર "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮" નો શુભારંભ.

સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી નવપલ્લવિત ગોપી તળાવ, કોટસફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫માં ગોપી તળાવના ઐતિહાસિક વારસાની જાણવણી તથા શહેરીજનોને મનોરંજન માટે શહેરની મધ્યમાં ગોપીતળાવને નવપલ્લવિત કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન ગોપી તળાવ ખાતે યોજાનાર 'ગોપી કલા ઉત્સવ ૨૦૧૮'નો શુભારંભ તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ સાંજે : ૭.૦૦ કલાકે ઉદઘાટન સમારોહના અધ્યક્ષશ્રી અને મેયર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે તેવા માન.ડે.મેયરશ્રી નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ અને મ્યુ.સદસ્યશ્રીઓએ દિપ પ્રાગ્ટય કરી કરાવ્યો હતો.

સુરતના ઐતિહાસિક નજરાણા સમા 'ગોપી તળાવ' ખાતે તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન સળંગ છ દિવસ ચાલનારા વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ દિપ પ્રાગ્ટય બાદ પ્રથમ ગણેશ વંદનાથી સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શહેરની તાલગૃપ સંસ્થા અને શાળાના બાળકોએ રજુ કરેલ કૃતિઓને માણી સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ સહિત શહેરીજનો ખુશ ખુશાલ થઈ ગયા. હવે પછી મુખ્ય સ્ટેજ ખાતે યોજાનાર કાર્યક્રમો નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ / વાર | વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૭/૧૨/૨૦૧૮ ગુરૂવાર | નૃત્યમ ભરતનાટ્યમ ડાન્સ એકેડમી–શ્રી ધ્વનિબેન ઉપાધ્યાય અને નર્તકી ડાન્સ ગૃપ–શ્રી જેસલબેન ખાંડવાલાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૨ | ૨૮/૧૨/૨૦૧૮ શુક્રવાર | કર્મસુ આર્ટ સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૩ | ૨૯/૧૨/૨૦૧૮ શનિવાર | દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રા | સાંજે ૭.૩૦ કલાકે |
| ૪ | ૩૦/૧૨/૨૦૧૮ રવિવાર | હારમોનીકા કલબનો હારમોનીકા પર મેલોડી અને ફ્લ્યુટ ફયુઝન તથા શ્રી વૃષ્ટિ શાહના સથવારે ગીતોનો ગુલદસ્તો | સાંજે ૭.૩૦ કલાકે |
| ૫ | ૩૧/૧૨/૨૦૧૮ સોમવાર | છત્તીસગઢ અને ઝારખંડના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને નૃત્યમ નર્તન અકાદમી સંસ્થાનો ગુજરાતની ગાથા | સાંજે ૭.૩૦ કલાકે |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી ગોપીતળાવ ખાતે યોજાનાર "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮"માં લોકનૃત્યો, ભરતનાટ્યમ, સંગીત, દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રા, છત્તીશગઢ અને ઝારખંડના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, શહેરની શાળા/સંસ્થાઓના રંગારંગ કાર્યક્રમો તથા વૈવિધ્યપૂર્ણ ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો

તેમજ ગોપી તળાવને રોશનીથી શણગારેલ નઝારાને કોઈ પણ નગરજનો પ્રવેશ ટિકીટ મેળવી નઝારો માણી શકશે.















## :: પ્રેસનોટ ::

# "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮"

વિષય: સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮"

સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી નવપલ્લવિત ગોપી તળાવ, કોટસફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫માં ગોપી તળાવના ઐતિહાસિક વારસાની જાણવણી તથા શહેરીજનોને મનોરંજન માટે શહેરની મધ્યમાં ગોપીતળાવને નવપલ્લવિત કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન ગોપી તળાવ ખાતે યોજાનાર 'ગોપી કલા ઉત્સવ ૨૦૧૮'નો તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ સાંજે : ૭.૦૦ કલાકે ઉદ્દઘાટન સમારોહના અધ્યક્ષશ્રી અને મેયર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે તેવા માન.ડે.મેયરશ્રી નિરવ શાહના હસ્તે શુભારંભ બાદ શહેરની તાલગૃપ સંસ્થા અને શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી નગરજનોને ભરપૂર મનોરંજન પીરસ્યું હતું. જેને ૩૦૦૦થી વધુ લોકોએ માણ્યો હતો.

સુરતના ઐતિહાસિક નજરાણા સમા 'ગોપી તળાવ' ખાતે તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન સળંગ છ દિવસ ચાલનારા વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તા.૨૭/૧૨/૨૦૧૮ના રોજ નૃત્યમ ભરત નાટ્યમ એકેડમી અને નર્તકી ડાન્સ ગૃપએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. જેને હકડેઠઠ જનમેદનીએ માંણ્યો હતો. હવે પછી મુખ્ય સ્ટેજ ખાતે યોજાનાર કાર્યક્રમો નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ / વાર | વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૮/૧૨/૨૦૧૮ શુક્રવાર | કર્મસુ આર્ટ સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૨ | ૨૯/૧૨/૨૦૧૮ શનિવાર | દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રા | સાંજે ૭.૩૦ કલાકે |
| ૩ | ૩૦/૧૨/૨૦૧૮ રવિવાર | હારમોનીકા કલબનો હારમોનીકા પર મેલોડી અને ફલ્યુટ ફયુઝન તથા શ્રી વૃષ્ટિ શાહના સથવારે ગીતોનો ગુલદસ્તો | સાંજે ૭.૩૦ કલાકે |
| ૪ | ૩૧/૧૨/૨૦૧૮ સોમવાર | છત્તીસગઢ અને ઝારખંડના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને નૃત્યમ નર્તન અકાદમી સંસ્થાનો ગુજરાતની ગાથા | સાંજે ૭.૩૦ કલાકે |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી ગોપીતળાવ ખાતે યોજાનાર "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮"માં લોકનૃત્યો, ભરતનાટ્યમ, સંગીત, દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રા, છત્તીસગઢ અને ઝારખંડના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, શહેરની શાળા/સંસ્થાઓના રંગારંગ કાર્યક્રમો તથા વૈવિધ્યપૂર્ણ ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવને રોશનીથી શણગારેલ નઝારાને કોઈ પણ નગરજનો પ્રવેશ ટિકીટ મેળવી નઝારો માણી શકશે.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૯/૧૨/૧૮ ના રોજ સે. ઝોન શહેરીવિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા, સુરત મહાનગરપાલિકાના સિકયોરીટી સ્ટાફ તથા સુરત શહેરના પોલીસ વિભાગના સ્ટાફ ની મદદથી નીચે મુજબનાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં–૭, નોંધ નં.૮૩૧ ના મિલ્કતદારો અબ્દુલ જાબ્બર હુસેન શેખ તથા અન્યો વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૧ થી ૪ તથા ૦૫ મો અડધો માળે મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતાં વિભાગના આશરે ૭૫૦ ફૂટ આર.સી.સી સ્લેબ તથા ચણતર દૂર કરવામાં આવેલ સદર મિલકતમાં ડિમોલેશન પેટે મિલકતદાર પાસે કુલ રૂા. ૮૫,૦૦૦/ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં–૭, નોંધ નં.૮૫૭,૮૫૮ ના મિલ્કતદારો મો. સલીમ સરફરાજ મીરઝા તથા અન્યો વાળી મિલ્કતમાં ગ્રાઉન્ડ ફલોર + ૧ થી ૪ માળે મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતાં આશરે ૮૫૦ ફૂટ R C C સ્લેબ દૂર કરવામાં આવેલ સદર મિલ્કતમાં ડિમોલેશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૮૫,૦૦૦/–વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

(૩) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.૮૩૫–૮૩૬ ના મિલ્કતદારો/ ડેવલ્પર અલ્તાફ ફુટવાલા ધ્વારા ગ્રાઉન્ડ ફલોર + ૧ થી ૪ માળે મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા આશરે ૩૬૦ ફૂટ, R C C સ્લેબ દૂર કરવામાં આવેલ સદર મિલ્કતમાં ડિમોલીશ પેટે મિલ્કતદાર પાસે કુલ રૂા.૮૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આવનાર દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો સામે કાર્યવાહી કરવાની કામગીરી ઘનિષ્ટરૂપે ચાલુ રહેશે.

# :: પ્રેસનોટ ::

# "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮"

સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી નવપલ્લવિત ગોપી તળાવ, કોટસફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫માં ગોપી તળાવના ઐતિહાસિક વારસાની જાણવણી તથા શહેરીજનોને મનોરંજન માટે શહેરની મધ્યમાં ગોપીતળાવને નવપલ્લવિત કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન ગોપી તળાવ ખાતે યોજાનાર 'ગોપી કલા ઉત્સવ ૨૦૧૮'ના પ્રથમ દિવસે તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ શહેરની તાલગૃપ સંસ્થા અને શાળાના બાળકોએ રજુ કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમને કલાપ્રેમી નગરજનોએ માણ્યો હતો. બીજા દિવસે તા.૨૭/૧૨/૨૦૧૮ના રોજ નૃત્યમ ભરત નાટ્યમ એકેડમી અને નર્તકી ડાન્સ ગૃપએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી લોકોને આકર્ષિત કર્યા હતા. ત્રીજા દિવસે તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજ "કર્મસુ આર્ટસ" સંસ્થાએ જાદુ કળા ધ્વારા દેશભકિતનો સંદેશ, વ્યસન મુકિત પર મેસેજ આપતો જાદુ, વ્યસન મુકિતની થીમ પર ડાન્સ, સ્વચ્છ ગુજરાતની વાતો સાથે જાદુ, બેટી બચાવોની થીમ પર ડાન્સ તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત જનમેદની અને ખાસતો બાળકોને ભરપૂર મનોરંજન પુરૂં પાડવા સાથે બેટી બચાવો, સ્વચ્છ ગુજરાત, વ્યસનમુકિત, અને દેશભકિત સંદેશ આપ્યો હતો. તા.૨૯/૧૨/૨૦૧૮ના રોજ દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રામાં રજુ થયેલ ગીતોને માણી સંગીત પ્રેમી નગરજનો ખુશ ખુશાલ થઈ ગયા હતા

સુરતના ઐતિહાસિક નજરાણા સમા 'ગોપી તળાવ'ને રંગબેરંગી લાઈટથી ઝગમગતો કરવામાં આવ્યો છે. શહેરની સ્વાદપ્રિય જનતા માટે ફાસ્ટફૂડ સહિતની વિવિધ વાનગીઓના ૧૭ સ્ટોલો પણ ઉપલબ્ધ છે. જયારે બાળકોના મનોરંજન માટે અલગ અલગ ૧૦ જેટલી રાઈડ મુકવામાં આવેલ છે. ગોપી તળાવમાં આવેલ ફુડ ઝોનમાં વિવિધ વાનગીઓના રસાસ્વાદ માંણતા, બાળ મનોરંજન સાથેના રંગારંગ કાર્યક્રમોને માણવા પાંચ દિવસમાં ૧૬૪૫૦ જેટલા નગરજનોએ મુલાકાત લીધી છે અને દિન–પ્રતિદિન વધુને વધુ માનવમહેરામણ ઉમટી રહ્યો છે. જેના કારણે આ ઐતિહાસિક ગોપી તળાવની ખ્યાતિ સુરતના સિમાડા પાર કરી સમગ્ર ગુજરાતમાં ફેલાઈ રહી છે. તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન સળંગ છ દિવસ ચાલનારા વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તા.૩૦/૧૨/૨૦૧૮ના રોજ હારમોનીકા કલબનો હારમોનીકા પર મેલોડી અને ફલ્યુટ ફયુઝન અને શ્રી વૃષ્ટિ શાહના સથવારે ગીતોનો ગુલદસ્તો કાર્યક્રમને સંગીતપ્રેમી નગરજનોએ માણ્યો હતો. હવે પછી યોજાનાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| ક્રમ | તારીખ / વાર | વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૩૧/૧૨/૨૦૧૮ સોમવાર | છત્તીસગઢ અને ઝારખંડના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને નૃત્યમ નર્તન અકાદમી સંસ્થાનો ગુજરાતની ગાથા | સાંજે ૭.૩૦ કલાકે |

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બર સુધી ગોપીતળાવ ખાતે યોજાનાર "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮"માં વિવિધ વાનગીઓના રસાસ્વાદ માંણતા, જમ્પીંગ, બોટ રાઈડીંગ, ફન રાઈડસ જેવી બાળમનોરંજનની રાઈડસ રમાડતાં, લોકનૃત્યો, સંગીત, છત્તીસગઢ અને ઝારખંડના કલાકારોનો સાંસ્કૃતિક કાર્યક્રમ, શહેરની શાળા/સંસ્થાઓના રંગારંગ કાર્યક્રમો તથા વૈવિધ્યપૂર્ણ ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવને રોશનીથી શણગારેલ નઝારો તથા વર્ષના અંત અને નવા વર્ષના આગમનમાં યોજાતા આ ગોપીકલા ઉત્સવને માણવા જાહેર જનતાને સ્નેહભર્યું નિમંત્રણ છે.






"ગોપી કલા ઉત્સવ - ૨
સાંસ્કૃતિક કા
તા.૩૧/૧૨/૨૦૧૮


સુરત મહાનગરપાલિકા
"ગોપી કલા ઉત્સવ - ૨૦૧૮" અંતર્ગત

૬૫૦

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. અંતર્ગત કુલ ૧૦ રૂટ તથા સીટીબસ અંતર્ગત કુલ ૩૨ રૂટ કાર્યરત છે. જેમાં દૈનિક આશરે સરેરાશ ૨ લાખથી વધુ મુસાફરો જાહેર પરિવહન સેવાનો લાભ લઈ રહેલ છે.

જાહેર પરિવહન સેવા અંતર્ગત સીટીબસમાં હાલમાં કાર્યરત રૂટ નં. ૨૫૪ ચંદ્રશેખર આઝાદ બ્રીજ (કતારગામ) થી લિંબાયત સુધી કાર્યરત છે, જે હાલમાં કાસકીવાડ, ભાગળ, રેલ્વે સ્ટેશન, કમેલા દરવાજ, આંજણા, નીલગીરી સર્કલ, ગોડાદરા થઈ, લિંબાયત સુધી કાર્યરત છે. પરંતુ સીગણપોર તથા સુમન દર્શન હાઉસીંગનાં વિસ્તારના મુસાફરો રેલ્વે સ્ટેશન અને લિંબાયત સુધી વધુ મુસાફરી કરતા હોય તેઓની જરૂરીયાત અને માંગણીને ધ્યાન લઈ આ રૂટમાં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે. જે આવતીકાલથી સુમન દર્શન (સીગણપોર) થી લિંબાયત વાયા કતારગામ દરવાજા, ગોટાલાવાડી, પટેલ નગર, રેલ્વે સ્ટેશન, કમેલા દરવાજા, આંજણા, નીલગીરી સર્કલ, ગોડાદરા થઈને જશે.

આમ, રૂટ નં. ૨૫૪ જે ચંદ્રશેખર આઝાદ બ્રીજ કતારગામ થી લિંબાયત સુધી કાર્યરત હતો તે રૂટને જાહેર જનતાની સગવડતા ખાતર તા. ૦૧/૦૧/૨૦૧૯ નાં રોજથી સુમન દર્શન (સીગણપોર) થી લિંબાયત (વાયા કતારગામ દરવાજા, ગોટાલાવાડી, પટેલ નગર, રેલ્વે સ્ટેશન, કમેલા દરવાજા, આંજણા, નીલગીરી સર્કલ, ગોડાદરા) કરવામાં આવેલ છે. જે " પીકઅવર્સ " ૧૫ મિનીટ ની ફ્રિકવન્સી થી કાર્યરત રહેશે. જેની જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

૬૫૧

## :: પ્રેસનોટ ::

### "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮" તથા ૧૧મા આદિવાસી યુવા આદાન–પ્રદાન કાર્યક્રમ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮" તથા નહેરૂ યુવા કેન્દ્ર સુરત અને સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૧મા આદિવાસી યુવા આદાન–પ્રદાન કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા "ગોપી કલા ઉત્સવ–૨૦૧૮" અંતર્ગત કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન તા.૨૬/૧૨/૨૦૧૮ થી તા.૩૧/૧૨/૨૦૧૮ દરમ્યાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૦.૦૦ કલાક સુધી નવપલ્લવિત ગોપી તળાવ, કોટસફીલ રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું.

સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૧૫માં ગોપી તળાવના ઐતિહાસિક વારસાની જાળવણી તથા શહેરીજનોને મનોરંજન માટે શહેરની મધ્યમાં ગોપીતળાવને નવપલ્લવિત કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેશની સંસ્કૃતિના જતન અને સંવર્ધન સાથે ભાવિ પેઢીને ઐતિહાસિક વારસાથી અવગત કરાવવા તા.૨૬ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ દરમ્યાન ગોપી તળાવ ખાતે યોજાનાર 'ગોપી કલા ઉત્સવ ૨૦૧૮'ના પ્રથમ દિવસે તા.૨૬/૧૨/૨૦૧૮ના રોજ શહેરની તાલગૃપ સંસ્થા અને શાળાના બાળકોએ રજુ કરેલ સાંસ્કૃતિક કાર્યક્રમને કલાપ્રેમી નગરજનોએ માણ્યો હતો. બીજા દિવસે તા.૨૭/૧૨/૨૦૧૮ના રોજ નૃત્યમ ભરત નાટ્યમ એકેડમી અને નર્તકી ડાન્સ ગૃપએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી લોકોને આકર્ષિત કર્યા હતા. ત્રીજા દિવસે તા.૨૮/૧૨/૨૦૧૮ના રોજ "કર્મર્સુ આર્ટસ" સંસ્થાએ જાદુ કળા ધ્વારા દેશભકિતનો સંદેશ, વ્યસન મુકિત પર મેસેજ આપતો જાદુ, વ્યસન મુકિતની થીમ પર ડાન્સ, સ્વચ્છ ગુજરાતની વાતો સાથે જાદુ, બેટી બચાવોની થીમ પર ડાન્સ તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત જનમેદની અને ખાસતો બાળકોને ભરપૂર મનોરંજન પુરૂં પાડવા સાથે બેટી બચાવો, સ્વચ્છ ગુજરાત, વ્યસનમુકિત, અને દેશભકિત સંદેશ આપ્યો હતો. તા.૨૯/૧૨/૨૦૧૮ના રોજ દિવ્યાંગ બાળકોનો ઓરકેસ્ટ્રામાં રજુ થયેલ ગીતોને માણી સંગીત પ્રેમી નગરજનો ખુશ ખુશાલ થઈ ગયા હતા તથા તા.૩૦/૧૨/૨૦૧૮ના રોજ હારમોનીકા કલબનો હારમોનીકા પર મેલોડી અને ફલ્યુટ ફયુઝન અને શ્રી વૃષ્ટિ શાહના સથવારે ગીતોનો ગુલદસ્તો કાર્યક્રમને સંગીતપ્રેમી નગરજનોએ માણ્યો હતો.

ગોપી કલા ઉત્સવ – ૨૦૧૮ના અંતિમ દિવસ તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ નહેરૂ યુવા કેન્દ્ર સુરત અને સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૧મા આદિવાસી યુવા આદાન–પ્રદાન કાર્યક્રમ અંતર્ગત છત્તીસગઢ અને ઝારખંડના કલાકારો તથા સુરતના સ્થાનિક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મેયર તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે તેવા માન.ડે.મેયરશ્રી નિરવ શાહ, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, ભારત સરકાર ગૃહ મંત્રાલય, ન્યુ દિલ્હીના ડે.સેક્રેટરીશ્રી વિજયકુમાર, નહેરૂ યુવા કેન્દ્ર, સુરતના સંયોજક શ્રીમતિ મનીષાબેન શાહ ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત મહાનુભાવોને શાલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત જીવનભારતી સંગીત વિદ્યાલય ઓડિશી ડાન્સ એકેડમીની કલાકારો દ્વારા ગણેશવંદનાથી કરવામાં આવી હતી. નૃત્યમ નર્તન અકાદમીની નૃત્યાંગના દ્વારા ગુજરાતનો વિકાસ અને ચિતાર દર્શાવતી ગુજરાતની ગાથા 'જય જય ગરવી ગુજરાત' તથા છત્તીસગઢના કાંકેર જીલ્લાના કલાકારો દ્વારા સાંઈબાબાની થીમ પર કૃતિ, ઝારખંડના લાતેહર જીલ્લાના કલાકારો દ્વારા બીરસા મૂંડા ડાન્સ અને પાલમ જીલ્લાના કલાકારો દ્વારા અંબે.... અંબે... ડાન્સ તથા અંતમાં કલાકાર કલુ ઈન્ડિયા સંસ્થાની બાળાઓ દ્વારા રજુ થયેલ ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી દર્શાવતા પારંપરિક અને પ્રાચીન ગરબો 'સાબરકાંઠો સહૂકાર' ગરબાને ઉપસ્થિત જનમેદનીએ માણ્યો હતો.

સુરતના ઐતિહાસિક નજરાણા સમા 'ગોપી તળાવ'ને રંગબેરંગી લાઈટથી ઝગમગતો કરવામાં આવેલ. શહેરની સ્વાદપ્રિય જનતા માટે ફાસ્ટફૂડ સહિતની વિવિધ વાનગીઓના ૧૭ સ્ટોલો ઉપલબ્ધ કરવામાં આવ્યા હતા. જયારે બાળકોના મનોરંજન માટે અલગ અલગ ૧૦ જેટલી રાઈડ મુકવામાં આવેલ છે. ગોપી તળાવમાં આવેલ ફુડ ઝોનમાં વિવિધ વાનગીઓના રસાસ્વાદ માંણતા, બાળ મનોરંજન સાથેના રંગારંગ કાર્યક્રમોને માણવા છ દિવસમાં ૨૨૮૦૯ જેટલા નગરજનોએ મુલાકાત લીધી હતી.

સુરત મહાનગરપાલિકા દ્વારા ૨૬ થી ૩૧મી ડિસેમ્બર સુધી ગોપીતળાવ ખાતે યોજાયેલ "ગોપી કલા ઉત્સવ ૨૦૧૮"માં વિવિધ વાનગીઓના રસાસ્વાદ માંણતા, જમ્પીંગ, બોટ રાઈડીંગ, ફન રાઈડસ જેવી બાળમનોરંજનની રાઈડસ રમાડતાં, વૈવિધ્યપૂર્ણ ચર્તુમુખી વાવ, એન્વાયરમેન્ટ ઝોન, ફુડ ઝોન, કિડ્સ ઝોન, ડાન્સીંગ ફુવારા, ગઝેબો તેમજ ગોપી તળાવને રોશનીથી શણગારેલ નઝારાને જાહેર જનતાએ મન ભરીને માણ્યું હતું.


भारत सरकार युवा कार्यक्रम एवं खेल मंत्रालय
गृह मंत्रालय - भारत सरकार
११ वां आदिवासी युवा आदान - प्रदान कार्यक्रम
नहेरु युवा केन्द्र, सूरत एवं सूरत महानगरपालिका आयोजित



